
# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૬ અંક : ૬૫ સપ્ટેમ્બર-૨૦૧૨

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | શ્રી શાલિંગરામ | ૦૪ |
| ૦૪. | અભાવ - અવગુણ | ૦૬ |
| ૦૫. | દિવ્ય જ્ઞાન, ઉદ્ધવગીતા | ૦૮ |
| ૦૬. | રસોઈ ઘરમાં વાક્યુધ્ધ | ૧૦ |
| ૦૭. | પણ...... | ૧૨ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિમના દ્વારેથી | ૧૪ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૧૦. | ભક્તિ સુધા | ૧૮ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૩ |


**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

આપણા દેશમાં હાલ વિષમ પરિસ્થિતિ છે. દેશના વડાપ્રધાન અને પક્ષ સામે લોક સભામાં વાક્ યુધ્ધ ચાલે છે. આપણા જ દ્વારા ચૂંટાયેલા દરેક પક્ષના નેતાઓએ શિષ્ઠાચાર ને નેવે મૂકી દીધો છે. આઝાદી મળી ત્યારે જે વચનો આપી ને દેશમાં ત્યારના આપણા સત્ય નિષ્ઠ મૂલ્ય નિષ્ઠ નેતાઓએ પોતે દેશનું ઉજળું ભાવિ દેખાડ્યું હતું. કારણ કે તે બધા જ પોતાની માતૃભૂમિ ભારત દેશ માટે જ કાર્ય કરતા હતા. પ્રજા માટે કાર્ય કરતા હતા. ત્યારે તેમનો પરિવાર એ ભારત દેશ અને દરેક ભારતીય હતા. જે બધું અત્યારે ભૂલાઈ ગયું છે. ભ્રષ્ટાચારની સીમા નથી. આસામમાં રોજે રોજ નિર્દોષ લોકોના જાન જાય છે. દિલ્હીના તખ્તા પર રામલીલા મેદાન પર વર્તમાન સરકાર અને ભ્રષ્ટાચારને ઉખેડવા કાર્યક્રમો થાય છે. ત્યારે આપણા ગુજરાતમાં પણ દરેક પક્ષ એકબીજા પર આક્ષેપ પ્રતિ આક્ષેપ કરીને ભોળી પ્રજાને લૂંટી રહી, ભરમાવી રહી છે. આ બધું જોઈને સત્યનિષ્ઠ અને પ્રમાણિક લોકોને ખૂબજ આઘાત પહોંચે છે. આપણે ભારત ભૂમિના સુપૂત છીએ. એટલે આપણને આ બધું જોઈને દુઃખ અને ગ્લાનિ થાય છે.

શ્રી નરનારાયણદેવના દરબારમાં શ્રાવણ માસ અને અધિક માસમાં શ્રીહરિના આશ્રિતોને ભગવાન ભજવાની લીલા લહેર છે. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની જે આજ્ઞા પાળે છે તેને સુખ અને સુખ જ છે. અને જે આજ્ઞા નથી પાળતા તેને દુઃખ છે. માટે ભગવાન શ્રીહરિને ભજવા જેવું એકેય સુખ નથી. આપણો તો જન્મ સાર્થક થયો છે.

આપણે તો ઉત્સવોની પરંપરા ચાલું છે. હવે જલઝીલણી શ્રી ગણપતીજીનો વરઘોડો, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ એમ દરેક ઉત્સવમાં દર્શન કરીને ધન્ય ધન્ય બનીને જીવન સફળ કરી લેવું એજ સાચું સુખ અને સાચી સમજણ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ઓગસ્ટ-૨૦૧૨)**

૧૫. પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી) તરફથી આયોજીત કથા પારાયણ પ્રસંગે શ્રીસ્વામિનારાયણ મંદિર નારણપુરા પધરામણી.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૮ થી ૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) મહા આરતી પ્રસંગે પધરામણી.

૨૦. અધિક પુરૂષોત્તમ માસ નિમિત્તે અ.નિ. પ.ભ. રણછોડભાઈ જેઠાભાઈ પરિવારના યજમાન પદે પરમ કૃપાળુ શ્રીનરનારાયણદેવનો મહાભિષેક ષોડશોપચાર પૂર્વક પોતાના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક કથા પ્રસંગે પધરામણી.

૨૨ થી ૫, સપ્ટેમ્બર ૨૦૧૨ **વિદેશ ધર્મયાત્રા** અમેરિકામાં બોસ્ટન, કોલોનીયા, સિનેમેન્સન અને ફલોરિડા (આઈ.એસ.એસ.ઓ.) શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધરામણી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com

છપૈયા : www.chhapaiya.com

નારણઘાટ : www.narayanghat.com

પ્રયાગ : www.prayagmilan.org

મહેસાણા : www.mahesanadarshan.org

ટોરડા : www.gopallalji.com

વડનગર : www.vadnagar.com

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

# શ્રી શાલિંગરામ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



આદિકાળથી વૈદિક અને પૌરાણિક પૂજાવિધિમાં રામ સ્વરૂપમાં સાક્ષાત્ નારાયણ ભગવાન પ્રગટ માનવામાં આવે છે, તેથી પ્રાણ-પ્રતિષ્ઠા આવાહન-વિસર્જન આદિ સંસ્કારોની આવશ્યકતા ન હોતી. શાલિંગરામ સ્વરૂપની સાથે ભગવતી તુલસીદેવીનો નિત્ય સંયોગ માનવામાં આવે છે. પૂર્વના સમયમાં જાલંધર અસુરની પત્ની વૃન્દા નામે મહાન પ્રતિવ્રતા સ્ત્રી હતી. પ્રતિવ્રતાના પુણ્ય પ્રભાવથી પતિ જાલંધર અન્ય સ્ત્રીયોનું પ્રાતિવ્રત્ય ભંગ કરાવતો હતો. એકવાર સતી પાર્વતીનું શીલભંગ કરવાનો પ્રયાસ કરતાં શિવ-જાલંધરને ભિષણ સંગ્રામ થયો છતાં તે અમર રહ્યો, એટલે દેવોએ ભગવાનને પ્રાર્થના કરી તો વિષ્ણુ જાલંધરનું કપટ રુપ લઈને વૃન્દાનું પ્રાતિવ્રત્ય તોડ્યું, એથી વૃન્દાએ વિષ્ણુને જડ શિલા બનાવી દીધા અને ભગવાને પ્રતિશાપમાં વૃન્દાને વૃક્ષનો દેહ થયો. વૃન્દાને ભગવાનના ચરણમાં અતિ અનુરાગ થયો હોવાથી ચરણમાં સ્થાન આપ્યું. વિષ્ણુ-શાલિંગરામ અને લક્ષ્મી વૃન્દાં તુલસી. ત્યારથી તુલસી-શાલિંગરામનું પૂજન કરનાર વૃન્દા તુલ્ય ભગવાનના ચરણમાં અનુરાગ થાય છે.

શાલિંગરામની પૂજાવિધિમાં કેટલાક અગત્યના નિયમો વેદોમાં કહ્યાં છે. જે શાલિંગરામ સ્વરુપની ઉત્પત્તિ મુક્તિનાથ ક્ષેત્રમાં આવેલ પાવન ગંડકી નદીમાં થાય છે. પથ્થરની અંદર સ્વયં બ્રહ્મા કીટનું રૂપ ધારણ કરી અંદરથી ચક્કારે નિર્માણ કરે છે તે પથ્થરને તોડવાથી અંદરથી શાલિંગરામ શિલા નિકળે છે. તેમાં પ્રાકૃતિક રીતે ધાતુ-મિનરલ વિપુલ માત્રામાં હોય છે. દામોદર કુંડથી જલમાં વહેતા મુક્તિનાથ સુધીના પ્રવાહમાં મળે છે.

શાલિંગરામની પૂજા સંખ્યા એકી રાખવી એટલે ૧-૩-૫-૭-૯ જ્યાં શાલિંગરામ સ્વરૂપ વિદ્યમાન હોય ત્યાં ભુક્તિ અને મુક્તિનો અખંડવાસ હોય છે, તથા દેવો-તીર્થનો વાસ રહે છે. વ્રત-જપ-તપ-અનુષ્ઠાન પૂજા, દાન, પ્રતિષ્ઠા, યજ્ઞ, શ્રધ્ધાદિ કર્મોમાં શાલિંગરામનું સાંનિધ્ય વિશેષ ફળપ્રદ હોય છે.

શાલિંગરામ સ્વરૂપની નિત્ય પૂજામાં કોઈ પવિત્ર પાત્રમાં રાખીને પુરુષસૂક્તનો પાઠ કરતાં કરતાં પંચામૃત અથવા શુધ્ધ જળ વડે અભિષેક કરવો, પછી શુધ્ધ વસ્ત્રથી શુધ્ધ ચોખા કરીને ચંદનયુક્ત તુલસીદળની સાથે સિંહાસન અથવા પાત્રાદિકમાં સ્થાપન કરાવીને પૂજન ષોડશોપચાર વડે કરવું. શાલિંગરામને ક્યારેય અપૂજ ન રાખવા. રાત્રે શયન સમયે મૂર્તિ પરથી તુલસીદલ લઈને બાજુમાં રાખવા. તુલસીદલ વિના ભગવાન થાળ નૈવેદ્ય જમતા નથી. એવું ભગવાને વૃન્દાને વરદાન આપ્યું છે. ભગવાન શાલિંગરામનું અભિષેકનું જળ-ચરણોદક અતિ પુણ્યપ્રદ, કલ્યાણકારી અને સર્વપાપોના તાપને અમૂલ નાશ કરનાર તથા સર્વ રોગના મૂળનો હરણ કરનારૂ છે. अकालमृत्युहरणं सर्वव्याधि विनाशनम् मंत्र

બોલીને શ્રધ્ધાપૂર્વક પૂજન બાદ સર્વ પ્રથમ ચરણોદક ગ્રહણ કરતી વેળાએ ડાબાની ઉપર જમણા હાથની હથેળીમાં આચમની જળ મુકીને પાન કરવું. તુલસીદળ ચંદન-વિનાના ગ્રહણ કરવામાં દોષ ઉત્પન્ન કરનાર છે. તુલસીદળનો વિધિ અને મહિમા આવતાં અંકમાં લખવામાં આવશે. વિશેષતઃ શાલિંગરામ સ્વરૂપને સાકાર-નિરાકારના બન્ને મતવાળા ભક્તો પૂજે છે. તેમાંય વૈષ્ણવી પૂજા વિધિના સર્વ માન્ય શાલિંગરામ સ્વરૂપ છે. શાલી એટલે દેવોનો સમૂહ (સ્થાન) ગ એટલે પ્રગટ રામ એવો અર્થ થાય છે.

शालिग्राम शिलायां तु त्रैलोक्यं चराचरम् ।
मया सह महासेन लीनं तिष्ठति सर्वदा, रत्नाकर संहिता ॥

એટલે શાલિંગરામ સ્વરૂપમાં ચરાચર ત્રણેય લોક સહિત ભગવાન લીન રહે છે.

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના પિતા ધર્મદેવ પરંપરાથી પૂજાયેલા શાલિંગરામ સ્વરૂપનું પૂજન ષોડશોપચારથી નિત્ય કરતા. પિતાના દેહોત્સર્ગબાદ શ્રી ઘનશ્યામ મહારાજ તે સ્વરૂપની પૂજા સદાય કરતા. તે સ્વરૂપ બાલમુકુંદને વનવિચરણમાં બટવામાં રાખીને ગળામાં ધારણ કરતા અને વિકટ વનમાં શાલિંગરામ સ્વરૂપનું પૂજન અવશ્ય કરતા. સરયૂનદીના પ્રવાહમાં પૂજા-પુસ્તક પાસે રહ્યું બીજું તણાઈ ગયું.

વનવિચરણ સમયમાં દક્ષિણ ભારતના ભુતપુરી ક્ષેત્રના અરણ્યમાં ચાર ચાર દિવસના નિર્જળા ઉપવાસ થતાં વર્ણી બેહોશ થયાં પછી થોડીવારે કૂવો જોતાં તેમાંથી પાણી સીંચીને શાલિંગરામ સ્વરૂપને સ્નાન કરાવતાં ત્રણ કમંડળ જળ સ્નાન કરવાનું પાણી પાન કરી ગયા. વર્ણીને થયું કે પ્યાસ આટલી બધી લાગી છે તો ભૂખ પણ લાગી હશે ? એમ વિચાર કરતાં જ કાપડીના સફેદ વસ્ત્રો ધારણ કરેલા શિવ-પાર્વતીએ આથવો મીઠું અર્પણ કર્યું. તે નૈવેદ્ય જમાડ્યું.


શ્રીહરિ સત્સંગમાં મનુષ્યદેહ પર્યન્ત એ જ સ્વરૂપની નિત્ય પૂજા કરતા. ત્યારપછી બે દેશ વિભાગ કરી ધર્મકુળ વંશની આચાર્યપદની સ્થાપના કરી ત્યારે મોટા પુત્ર અયોધ્યાપ્રસાદજીને ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવ દેશ વિભાગ ભાગમાં આવતાં ઉત્તર દેશની ભૌગોલિક સ્થિતિ સત્સંગ સમૂદાય આર્થિક રીતે તપોભૂમિ હોવાથી મુખાકૃતિ પર ક્યારેક ઉદાસીનતા જોવા મળતી. એટલે સર્વાવતારી શ્રીહરિએ મોટા પુત્ર અયોધ્યાપ્રસાદજીને પોતાની પૂજાના શાલિંગરામ સ્વરૂપ આપીને સર્વ અર્થને આપનાર અમૂલ્ય પૂજાનું સ્વરૂપ આપ્યું. તે સમયથી અદ્યાપિ પર્યન્ત શ્રી નરનારાયણદેવ દેશ વિભાગના આચાર્ય મહારાજશ્રી ધર્મવંશના પૂર્વજો શ્રીહરિએ સ્વયં સદાય પૂજેલા શાલિંગરામની પૂજા સ્વયં પોતે કરી રહ્યા છે. ઉત્તરાધિકારીને વારસામાં પૂજા અને પાઘ બેજ આપવામાં આવે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દેશ વિદેશના વિચરણમાં શાલિંગરામ સ્વરૂપને સદાય સાથેને સાથે જ રાખે છે. તેમને નિવેદન કર્યા વિના જળપણ પીવે નહિ. શાલિંગરામ સ્વરૂપના અનેક પરચાઓના અમોએ પણ પ્રત્યક્ષ રીતે દર્શન કર્યા છે. તેમને ઉતારે અથવા ગાડીમાં મુકીને ક્યાંય જવાય જ નહિ. સાથે ને સાથે લઈ જવા પડે. જે દર્દની કોઈ દવા ન હોય તેમાં પ્રસાદીના શાલિંગરામ મૂર્તિનું જળ કામ કરે છે. વિદેશોમાં તો ઉતારે સવારમાં જળ લેવા માટે હરિભક્તોની ભીડ જામી જાય. સર્વ પાપ-તાપ-રોગ અને કસરો હરનાર ચરણામૃત છે. એક તો શાલિંગરામ સ્વરૂપ અને ભગવાને સ્વયં (૩૮) આડત્રીશ વર્ષ સુધી લાગ લગાટ પૂજ્યા, પછી તો શું કહેવું? જેના મોટા ભાગ્ય હોય તેને જ દર્શનનો લ્હાવો મળે.

કેટલાક ઋષિયોના મતે સ્ત્રીઓને માટે શાલિંગરામની પૂજાનો નિષેધ કહ્યો છે. વળી સ્ત્રીઓને તુલસી પૂજાથી બેયની પૂજાનું પણ ફળ પણ કહ્યું છે.

આપણા વ્રત ઉત્સવોમાં કારતક સુદ એકાદશીથી પૂનમ પર્યન્ત તુલસી વિવાહનો ઉત્સવ ધામધૂમથી પ્રતિવર્ષ ઉજવાય છે. તુલસી વિવાહનો ઉત્સવ કરાવનાર અને દર્શન કરનારને તુલસીની જેવી ભગવાનમાં ભક્તિ અનુરાગ થાય છે.

# અભાવ-અવગુણ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (માણસા)



એક વટેમાર્ગું લાંબી મજલ કાપીને થાક્યો પાક્યો લોથપોથ થયેલો આંબાવાડીમાં આંબાના વૃક્ષ નીચે આવી પહોંચ્યો. મીઠી છાંયલડી, શીતલ, વાયરાની લેરખીમાં કોયલના ટહુકા સાંભળતા થાક ઓગાળવા લાગ્યો. એવામાં આંબા નીચે ખરી પડેલી બે પાકી કેરીઓ મળી જતાં તો ભૂખનું દુઃખ પણ ભાગી ગયું. હાશકારાનો ઓડકારો આવી ગયો. આ તો એક રૂપક માત્ર છે. વટેમાર્ગુ એ સાચો મુમુક્ષુ જીવાત્મા છે. જન્મ જન્માંતરની લાંબી મજલ કાપતો લખચોરાસીમાં ફરી ફરીને થાક્યો છે. હવે તેને આંબાવાડીરૂપ આ સત્સંગ સાંપડ્યો છે. મીઠી હવાની લેરખી અને કોયલના ટહુકા જેવા સંતોના ભજન અને કીર્તન, અમૃતવચનો સાંભળી થાક ઓસરવા લાગ્યો છે. અને કેસર કેરી જેવું ભગવાનનું સાક્ષાત્ સુખ સાંપડતા ભવોભવની ભૂખ ભાંગી મોક્ષ પ્રાપ્તરૂપ અક્ષરધામ પામ્યાની ધરપતનો ઓડકાર આવવાના એંધાણ છે. પણ ત્યાં જ તેની નજર આજુબાજુ પડેલા કાંટા-કાંકરા, અણીયાળા પથ્થરોને ઝાંડ-ઝાંખરા તરફ ફરવા લાગી. તેનું ચિત્ત બાજુમાં પડેલા કૂતરાના મળમાં ચોંટી ગયું. મનમાં થયું આવી ભેંકાર અને અવાવરૂ ઝાડી-ઝાંખરામાં સૂવા કરતાં અહીંથી ઉચાળા ભરી વસ્તી તરફ જવું પણ પાછો વિચાર ઉપજ્યો કે વસ્તીમાં સાફ-સુતરુ તો મળશે પણ કોયલના ટહુકા કે કેસરીયા આંબાનો રસ ક્યાં પામીશ ? માટે ઝાડી-ઝાંખરા ને કાંટા-કાંકરા સહી લઈશ ને પથ્થર તથા કૂતરાના મળ તો સૂકાય ગયેલા છે. થોડી સાફ-સફાઈ કરી લઉં તો અહીં જેવા સુખ શાંતિ બીજે ગોત્યા મળે તેમ નથી. તેમ હે ભક્તો ખારા સમુદ્રમાં મીઠી વિરડી જેવો આ સત્સંગ બહુ જન્મોના પુણ્યો પછી પ્રાપ્ત થયો છે. હા આંબાની નીચે મળ જોતા સ્વભાવો અને કાંટા-કાંકરા તો શું, કૂતરાના મળ જેવા પણ સત્સંગમાં પડ્યા હોય તો સુગ કરવાને બદલે પ્રાપ્તિના મહિમાના ખૂબ વિચાર કરી સત્સંગમાં સમાય જવાનો, સંપથી ચોંટી રહેવાની જગ્યા કરી લેવી. જો અભાવ-અવગુણ રૂપ ખટાશ ન ભળે તો સત્સંગનું સુખ કેસર કેરી જેવું મીઠું લાગે.

સત્સંગરૂપી કોથળામાં મહારાજે જુદી જુદી અણીવાળા પથ્થર ભેગા ભરીને કોથળાનું મોં બાંધી ફેરવે છે. આખા કોથળાને ઘુમરડે છે. ઉદ્દેશ સ્પષ્ટ છે કે બધાની અણીઓ તોડી તોડીને ગોળ મજાના શાલીગ્રામ બનાવે છે. હે વ્હાલા આત્મીય મુક્તો ! આમાં કેમ ફરિયાદ કરવી કે કોઈની અણી મને વાગે છે. ને અહીં તહીં ચારેકોર ખૂંચે છે. એ જ તો સત્સંગનો ઉદ્દેશ છે. બીજાની તમને ને તમારી બીજાને અણીઓ ભટકાવી ભટકાવીને ધાર ને કોર વગરના સૌને લીસા કરી દેવા છે. જો આઘાપાછા ખૂણે-ખાંચરે ફેંકાઈને નિવૃતિ પકડીને ઉદાસ થઈને વસ્તીને વ્યવહારમાં ભરાય ગયા તો ધાર ઘડાવાથી વંચિત રહી કેસર કેરીના રસ વિહોણા રહી જશો. આવો સ્વયં શ્રીહરિના શ્રીમુખના વચનોથી વધુ દ્રઢતા પ્રાપ્ત કરીએ.

આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે-દિવસે પોતાના વિશે અવગુણને દેખે છે ને ભગવાનને ભગવાનના ભક્તને વિશે ગુણને દેખે છે. અને ભગવાનને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાના હિતકારી માને છે. અને દુઃખ નથી લગાડતો. (ગ.પ્ર. ૫૬.)

જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને આવી વૃતિ રહે છે. જે ભગવાન તથા સંત તે મને જે જે વચનો કહેશે એમ જ મારે કરવું છે. એમ એના હૈયામાં હિંમત રહે છે. અને આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય એવું વચન તો ભૂલ્યે પણ ન કહે. (ગ.પ્ર. ૧૬.)

"જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને

અસદ્ વાસનાની વૃદ્ધિ થાય છે. ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગી માત્રનો અવગુણ આવે છે. ને પોતાના હૈયામાં એમ જાણે છે સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજુ છું. તેમ સર્વથી અધિક પોતાને જાણે અને રાત્રી દિવસ પોતાના હૈયામાં એમ મુંઝાયા કરે છે અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહિ. અને રાત્રીમાં સૂવે તો નિંદ્રા પણ આવે નહીં અને ક્રોધ તો ક્યારેય મટે જ નહિ. અને અર્ધ બળલો કાષ્ટની પેઠે ધુંધવાયા કરે. એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે એ સત્સંગમાંથી પડવાનો થયો છે.'' (ગ.પ્ર. ૨૮.)

''અને જીવનો તો એવો સ્વભાવ છે કે, જેમાં પોતાને માન જડે તેજ કરવું સારું લાગે પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે પછી તેણે કરડી પોતાનું મોઢું છોલાઈને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટી રાજી પણ થાય. પણ મૂરખ એમ નથી જાણતો કે મારા જ મોઢાનું લોહી છે. જેમાં હું સ્વાદ માણું છું. તેમ ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મુકી શકતો નથી.... (ગ.પ્ર. ૪૧.)

''ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેનો અવગુણ આવ્યો હોય ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો. જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે. તેમ જેને ભગવાનને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેને સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે તો હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય. વળી જેમ ક્ષયરોગ થયો હોય એ કોઈ ઔષધે કરીને મટે જ નહિ તેમ જેને ભગવાનને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતી ટળે નહી અને અનંત બ્રહ્મ હત્યા કરી હોય ને અનંત બાળ હત્યા કરી હોય ને, અનંત સ્ત્રી હત્યા કરી હોય, ને અનંત ગૌહત્યા કરી હોયને, અનંત ગુરુ સ્ત્રીનો સંગ કર્યો હોય તેનો પણ કોઈ કાળે છૂટકો થાય ને શાસ્ત્રમાં તે પાપને છુટયાના ઉપાય પણ કહ્યાં છે પણ ભગવાનના ભક્તનો અવગુણ લેવા વાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપમાંથી છૂટવાનો ઉપાય કહ્યો નથી ને એવાનો તો જીવનો પણ નાશ થઈ જાય છે... (ગ.અં. ૧૨.)

''જેમ દસ-બાર વરસની કન્યા હોય ને તેને ક્ષયરોગ થયા પછી તે કન્યા યુવાન થાય પહેલા જ મરી જાય પણ યુવાન થાય નહી. તેમ જેને માહાત્મ્ય વિનાની ભક્તિ હોય તે પણ પરિકવ થતી થતી નાશ થઈ જાય છે..'' (સા. ૫.)

''પોતાની જે પ્રકૃતિ હોય તેને ભગવાન કે સાધુ મરોડે ને પ્રકૃતિ પ્રમાણે ન ચાલવા દે ને પ્રકૃતિ હોય તેથી બીજી રીતે વર્તાવે ત્યારે જે મુંઝાય નહી તે પ્રકૃતિ મોરડે તેમાં કચવાય જાય નહી ને પોતાની પ્રકૃતિ ગમે તેવી કઠણ હોય તેને મુકીને જેમ ભગવાન તથા સાધુ તે કહે તેમજ સરળ પણે વર્ત તેને ગમે તેવો આપત્તકાળ પડે તો પણ ભગવાનનો આશ્રય ન ટળે. વળી પ્રકૃતિ મરોડે ને મુંઝાય ત્યારે જે પોતાનો જ અવગુણ લે પણ ભગવાનને સાધુનો અવગુણ ન લે તે સારું. અને જે પોતાનો અવગુણ ન લે એનો વિશ્વાસ નહી ને તેના આશ્રયનો પણ ઠા નહીં.

સાધુના દ્રોહનું શાસ્ત્રમાં સર્વ કરતાં અધિક પાપ કહ્યું છે તેનું કારણ શું છે ? તો એ સાધુના હૃદયને વિશે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન રહ્યાં છે. માટે સાધુનો દ્રોહ કરે ત્યારે ભગવાનનો દ્રોહ થાય છે... (ગ.અં. ૩૫.)

''જેવી પોતાના દેહને વિશે આત્મબુદ્ધિની દ્રઢ પ્રીતિ રહી છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને આત્મબુદ્ધિ ને દ્રઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે. જીવને જેવી દેહ-દેહ વિશે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તોને વિશે આત્મબુદ્ધિ હોય તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહિ અને ગમે તેવા દેશકાળ આદિ ભુંડા આવે તેને કરીને એ ભગવાનને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહિ.... (ગ.અ. ૧૧)

સમગ્ર સત્સંગના સારનો સાર શ્રીહરિએ પોતાના હૃદયમાં ગૂઢ અભિપ્રાયરૂપે અહીં ઠાલવ્યું છે. માટે આ આખા સત્સંગમાં કોઈ સાથે પિતરાય દાવો કે બરોબરીયાપણું આવવા દિધા વિના ગમે તેવા હોય આપણી સાથે ના બનતું હોય તો પણ કોઈ કોઈનો અવગુણ ન લઈએ, બધામાંથી માત્રને માત્ર ગુણ લઈને શ્રીજી મહારાજના કૃપાપાત્ર બનીએ. આધ્યાત્મિક શિખરો સર કરવા આ આંગળી મજબુત પણે પકડી રાખીએ એ જ પ્રાર્થના.....

# દિવ્ય જ્ઞાન, ઉધ્ધવગીતા

- સાધુ દેવસ્વરૂપદાસ (જયપુર)

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના અગિયારમાં સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણે પ્રિય સખા ઉદ્ધવને આપેલો ઉપદેશ 'ઉદ્ધવગીતા' તરીકે ઓળખાય છે.

પ્રિય ઉદ્ધવ બંધન અને મુક્તિ જેવું દુનિયામાં કશું નથી. કારણ કે દરેક ગુણતો માયાનું કાર્ય છે. અને પોતાનું જે સ્વરૂપ છે તેમાં ન મોક્ષ છે કે ન બંધન શોક, મોહ, સુખ, દુ:ખ અને દેહની પ્રાપ્તિ - આ સઘળું માયાને કારણે જ છે. આત્માને માટે તો આ વાત સ્વપ્રા જેવી મિથ્યા છે. વિદ્યા અને અવિદ્યા આ બન્ને મારી જ શક્તિઓ છે. જે દેહધારીઓને ક્રમશઃ મોક્ષ અને બંધન કરાવનારી છે. આ બન્ને અનાદિ છે અને મારી માયાથી રચાયેલી છે. આ શરીર પ્રારબ્ધને આધીન છે. ઈન્દ્રિયો દ્વારા કર્મ કરવામાં આવે છે તેનું પ્રેરક મન છે. આ પ્રમાણે આ મન અને ઈન્દ્રિયો બન્ને ગુણોના કાર્ય છે. વાસ્તવમાં તો ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે. પરંતુ સામાન્ય વ્યક્તિ આ બધું મેં કર્યું એવું માનીને બંધાઈ જાય છે જેને કોઈ અપેક્ષા નથી, જે જગતના ચિંતનથી સદા ઉપરામ થઈને મારા જ મનન-ચિંતનમાં તલ્લીન રહે છે અને રાગદ્વેષ છોડીને સર્વમાં સમાન દૃષ્ટિ રાખે છે. તેવા મહાત્માની પાછળ-પાછળ હું નિરંતર એવું સમજીને ફર્યા કરું છે કે તેના ચરણોની રજ ઉડીને મારા ઉપર પડી જાય. જેથી મારામાં વસેલા બધા લોક પવિત્ર થઈ જાય. હું જ તમામ પ્રાણીઓ- મનુષ્યોમાં ચાલવાની, બોલવાની, મળત્યાગની, પકડવાની, આનંદ-ઉપભોગની શક્તિ છું. સ્પર્શની દર્શનની, સ્વાદની, સાંભળવાની અને સૂંઘવાની શક્તિ પણ હું જ છું. સમસ્ત ઈન્દ્રિયોની ઈન્દ્રિય-શક્તિ હું જ છું. પૃથ્વી, વાયુ, આકાશ જળ, તેજ, અહંકાર, મહતત્વ, પંચમહાભૂત જીવ અવ્યક્ત પ્રકૃતિ, સત્વ, રજ, તમ - આ બધા વિકારો અને તેમનાથી પર રહેનાર બ્રહ્મ - આ બધું હું છું. આ બધા તત્વોની ગણના, લક્ષણો દ્વારા તેમનું જ્ઞાન તથા તત્વજ્ઞાન દ્વારા તેનું ફળ પણ હું જ છું. હું જ ઈશ્વર છું, હું જ જીવ છું, હું જ ગુણ છું અને ગુણી પણ હું જ છું. હું જ સર્વનો આત્મા છું. અને સર્વરૂપ પણ હું છું. મારા સિવાય કોઈપણ પદાર્થ ક્યાંય નથી. એમ સમજો કે જેનામાં પણ તેજ શ્રી કીર્તિ ઐશ્વર્ય,લજ્જા, ત્યાગ, સૌન્દર્ય, સૌભાગ્ય, પરાક્રમ, તિતિક્ષા અને વિજ્ઞાન વગેરે શ્રેષ્ઠ ગુણ હોય તે મારા જ અંશ છે. આ મનુષ્ય શરીર અત્યંત દુર્લભ છે. સ્વર્ગના દેવતાઓ અને નરકના જીવો પણ તે ઈચ્છે છે. જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગના સાધકો પણ મનુષ્ય શરીરની કામના કરે છે. કેમ કે સ્વર્ગ અથવા નરક બન્ને સ્થાનોમાં ભગવત્પ્રાપ્તિ થતી નથી. તે તો માત્ર મનુષ્ય શરીરમાં જ થાય છે. વિવેકી પુરુષે સ્વર્ગ નરક અથવા આ લોકની કોઈપણ કામના ન કરવી જોઈએ, એટલું જ નહિ આ મનુષ્ય શરીર શ્રેષ્ઠ છે. માટે ફરી હું મનુષ્ય થાઉં એવી પણ ઈચ્છા ન કરવી જોઈએ. કારણ કે કોઈ પણ દેહાસક્તિ રાખવાથી મનુષ્ય પ્રમાદી બને છે અને તેનું પતન થાય છે. હે ઉદ્ધવ ! આ બહારનું દેખાતું જગત મનનો વિલાસમાત્ર છે. એ એક ભ્રમ છે. કારણ કે જે બધું દેખાય છે તે બધું જ નાશ પામે છે. તે અત્યંત ચંચળ, બદલાતું રહેનારું અને નાશવંત છે. આ સંસારચક્ર એટલા વેગથી ફરી રહ્યું છે કે તેના ચાલક પરમાત્માને કોઈ જાણી શકતું નથી. તેમની માયા જ જુદા જુદા રૂપ ધારણ કરીને દેખાઈ રહી છે. વિજ્ઞાનસ્વરૂપ એક જ આત્મા અનેક સ્વરૂપે ભાસે છે. માટે જે બધા ભેદ અને વિવિધતા દેખાય છે એ તો કેવળ માયા જ છે. માણસનું મન કર્મોને આધીન છે. મનનો સ્વભાવ છે કે તે ભાત ભાતના વિષયોનું ચિંતન કર્યા કરે છે. જ્યારે નવો વિષય આવે છે ત્યારે અગાઉનું બધું ભૂલાતું જાય છે અને નવામાં મન પરોવાઈ જાય છે. આ રીતે પૂર્વકાળના વિષયોની સ્મૃતિ પણ વિસરાતી જાય છે એથી જ જીવને કર્મોને આધીન નવા-નવાં શરીરો પ્રત્યે અત્યંત આસક્તિ થતી જાય છે. અને તેને લીધે હર્ષ અને તૃષ્ણા થાય છે. એ સમયે એને અગાઉના શરીરો યાદ રહેતા નથી. એ શરીરોની વિસ્મૃતિ થઈ જાય છે. બસ આ જ મૃત્યુ છે. આ રીતે, શરીરનો નાશ થાય છે. જીવનો નાશ થતો નથી. પરંતુ

મનુષ્ય તો એમ જ માનતો હોય છે કે હું આ શરીર છું. જ્યારે નવું શરીર મળે છે ત્યારે એને જન્મ કહેવાય છે. પહેલાંના શરીરો ભૂલાઈ ગયા હોવાથી જીવ એમ માને છે કે હું પહેલા નહોતો હું તો હમણાં જ નવો પેદા થયો છું. એ એના જૂના શરીરોને સદંતર ભૂલી જાય છે. હે ઉદ્ધવ, કાળની ગતિ એટલી સુક્ષ્મ હોય છે કે તે જોઈ શકાતી નથી. એના દ્વારા પ્રતિક્ષણ શરીરોની ઉત્પત્તિ અને નાશ થતાં જ રહે છે. સુક્ષ્મ હોવાને કારણે જ પ્રતિક્ષણ થતાં જન્મ-મૃત્યું દેખાતાં નથી. જેમ કાળના પ્રભાવથી દીવાની જ્યોત, નદીનો પ્રવાહ અને વૃક્ષનો પાન-ફળ વગેરેની સ્થિતિ ક્ષણે-ક્ષણે બદલાતી હોય છે તેવી જ રીતે દરેક પ્રાણીઓના શરીરની સ્થિતિ પણ સતત બદલાયા જ કરે છે. પિતાએ પુત્રના જન્મથી અને પુત્રે પિતાના મૃત્યુથી પોતપોતાના મૃત્યુનું અનુમાન કરી લેવું જોઈએ. જન્મ અને મૃત્યુ જેનું થાય છે તેને જાણવાવાળો જે આત્મા છે, તે જન્મ કે મૃત્યુ એ બન્ને લક્ષણોથી પર છે. શરીરનાં પણ જન્મ અને મૃત્યુ જોનારો શરીરથી ભિન્ન છે - તે જ આત્મા છે. તેનો જન્મ કે નાશ થતો નથી . જેમ સારી રીતે ઈલાજ ન કરવાથી રોગ મૂળમાંથી જતો નથી. તે વારંવાર માથું ઊંચકીને મનુષ્યને પરેશાન કરે છે. તે જ રીતે જેના મનની વાસનાઓ અને કર્મના સંસ્કાર નષ્ટ નથી થયા. જે સ્ત્રી-પુત્રાદિકમાં આસક્ત છે એને કર્મની વાસનાઓ પીડા આપતી રહે છે. જીવ સંસ્કારોથી પ્રેરાઈને જન્મથી મૃત્યુ સુધી કર્મમાં જ જોડાયેલો રહે છે અને તેમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરીને હર્ષ વિષાદ વગેરે વિકારોને પ્રાપ્ત થતો રહે છે. પરંતુ જે તત્વને જાણી લે છે તેના સંસ્કાર અનુસાર કર્મો ચાલુ રહેવા છતાં હર્ષ-શોક વગેરે વિકારોથી તે પર હોય છે. હે ઉદ્ધવ, પોતાનું હિત ઈચ્છનાર મનુષ્યે ભોગવિલાસથી દૂર રહેવું જોઈએ. વિષયો અને ઈન્દ્રિયોના સંયોગથી જ મનમાં વિકાર પેદા થાય છે. અન્યથા વિકારનો કોઈ અવસર જ નથી જે વસ્તુ ક્યારેય જોઈ કે સાંભળી નથી તેના માટે મનમાં વિકાર થતો નથી. જે લોકો આ વિષયોમાંથી પોતાના ચિત્તને બચાવી લે છે, એમનું મન આપમેળે જ શાંત થઈ જાય છે. મોટા-મોટા વિદ્વાનો માટે પણ પોતાની ઈન્દ્રિયો અને મન વિશ્વાસપાત્ર નથી. આથી ખૂબ સાવધાનીપૂર્વક વર્તવું. આ સંસારમાં મનુષ્યને કોઈ બીજું સુખ કે દુઃખ આપતું જ નથી. આ તેના ચિત્તનો ભ્રમ માત્ર છે. આ સઘળો સંસાર અને તેની અંદરના મિત્ર શત્રુના ભેદ કેવળ અજ્ઞાનને કારણે છે. તેથી હે ઉદ્ધવ જે પોતાની વૃત્તિઓને મારામાં લીન કરી દે છે અને મને વશમાં કરી લે છે તેને કોઈ ભેદ રહેતો નથી. બધી યોગ-સાધનાઓનો સાર આ જ છે. મન સૌથી વધુ બળવાન છે જે મનુષ્ય મન પર કાબૂ મેળવી લે છે એ તો દેવોનો પણ દેવ છે. સાચે જ મન મોટો શત્રુછે. તેનું આક્રમણ અસહ્ય છે. તે બહારના શરીરને નહીં પણ હૃદયાદિ મર્મસ્થાનોને પણ વેધે છે. તેને જીતવું ભારે કઠણ છે. મનુષ્યએ સૌથી પહેલાં મન પર વિજય પ્રાપ્ત કરવો જોઈએ. પરંતુ થાય છે એવું કે મૂર્ખ લોકો આ મનને જીતવાનો પ્રયત્ન કરવાને બદલે બીજા લોકો સાથે સાચા ખોટા ઝઘડા કર્યા કરે છે અને આ જગતના લોકોને જ શત્રુ કે મિત્ર બનાવી બેસે છે. સાધારણ રીતે મનુષ્યની બુદ્ધિ કુંઠિત થઈ ગઈ છે. તેથી હું અને મારું તે માની બેઠો છે. એનાથી તે ભ્રમના ચક્કરમાં ફસાઈ જાય છે કે આ હું અને આ બીજો આનું પરિણામ એ થાય છે કે તેઓ આ અનંત અજ્ઞાનરૂપી અંધકરામાં ભટકતા રહે છે. હે ઉદ્ધવ કોઈ પણ બાબતમાં ગમવાનો ભાવ રાખવાથી તે વસ્તુમાં આસક્તિ થઈ જાય છે. આસક્તિ થવાથી તેને મેળવવાની ઈચ્છા જન્મે છે. એ ઈચ્છા પૂરી થવામાં જો કોઈ વિધ્ન આવે તો લોકોમાં પરસ્પર કલેશ થાય છે. એ કંકાસથી અસહ્ય ક્રોધ ઉત્પન્ન થાય છે અને ક્રોધાવેશમાં પોતાના હિત-અહિતનું જ્ઞાન ઢંકાઈ જાય છે. એનાથી મનુષ્યની શુભાશુભ નિર્ણય કરનારી ચેતનશક્તિ લુપ્ત થઈ જાય છે. એ લુપ્ત થઈ જાય એટલે મનુષ્યમાં મનુષ્યત્વ રહેતું નથી. પશુતા આવી જાય છે અને તે શૂન્ય જેવો અસ્તિત્વહીન થઈ જાય છે. તેનું જીવન વૃક્ષ જેવું જડ બની જાય છે. તેના શરીરમાં એ રીતે વ્યર્થ શ્વાસ ચાલે છે. જેમ લુહારની ધમણ. તેને ન પોતાનું કોઈ જ્ઞાન રહે છે કે ન બીજાનું. હે ઉદ્ધવ જેના ચિત્તમાં અસંતોષ છે એ જ સૌથી મોટો ગરીબ છે. જે ભાતભાતની ઈચ્છાઓમાં ડૂબેલો છે તે જ અસમર્થ એટલે કે લાચાર છે. સાચો ધનવાન તો એ છે જેની પાસે સારા ગુણોનો ખજાનો છે. મનુષ્ય શરીર જ સાચું ઘર છે અને સમર્થ સ્વતંત્ર અને ઈશ્વર એ છે જેનું ચિત્ત ભોગોમાં આસક્ત નથી.

# રસોઈ ઘરમાં પાકયુધ્ધ


- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક, (ગાંધીનગર)

આ સંસારમાં ગૃહકુટુંબોમાં કલહ ઉત્પન્ન થતો હોય છે. ઘણીવાર કલહનાં બીજ સાવ સામાન્ય હોય છતાં ગૃહિણીઓ તેને મોટું સ્વરૂપ આપતી હોય છે. સાસુ વહુને કહેશે, રોટલી બરાબર થતી નથી. શાક કાચું રહે છે. વહુ બેધડક જવાબ આપશે એમ હોય તો રસોઈ બનાવવાનું તમે રાખો. સાસુને આગળ કાંઈ બોલવાનું ન રહે.

આ પ્રકારની વિવિધ વિસંવાદિતા ઘણા રસોડે ઉદ્‌ભવે છે. પણ આ પ્રસંગ છે તે શ્રીહરિના લીલા ચરિત્રનો છે.

મહાપ્રભુ જેતલપુર હતા. એક દિવસ થાળ જમતાં જમતાં કહ્યું, ગંગાબા ! હું અહીં આવું છું ત્યારે ધરાઈને જમું છું. ગઢપુર હોઉં ત્યારે જમવાનું અનુકુળ નથી આવતું છતાં ચલાવી લઉં છું.

અનુકુળ ન હોવાનું કારણ શું છે મહારાજ ? ગંગાબાએ પૂછ્યું.



શ્રીહરિએ કહ્યું, બે બહેનો રાંધે છે પણ રોટલી કે રોટલા ઘણી વાર કાચા હોય છે. અથવા તો દાઝી ગયેલા હોય છે. ભાત બનાવ્યો હોય તો કાચો હોય છે. જે હોય તે જેવું હોય તે જમી લઈએ છીએ. કોઈને કાંઈ કહેતા નથી. પણ જમ્યા પછી પેટમાં પાચન થતું નથી. તમે થોડા દિવસ ગઢપુર આવો. જેવી સ્વાદિષ્ટ રસોઈ તમે બનાવો છો તેવી રસોઈ બનાવતાં લાડુબા, મોટીબાને શિખવાડો.

શ્રીજીમહારાજ ગઢપુર આવ્યા. સાથે ગંગાબાને તેડી લાવ્યા.

દાદા ખાચરના રસોઈ ઘરમાં ગંગાબા માંચી ઉપર બેઠા છે. મોટીબા તથા લાડુબા રસોઈ બનાવે છે. ગંગાબાએ નિષ્ણાત વડિલની અદાથી કહ્યું, મહારાજ કહેતા હતા કે ગઢપુરમાં જીવુબા લાડુબાને રસોઈ બનાવતાં બરાબર નથી આવડતી. રસોઈ તૈયાર થવાનો સમય પણ નથી સચવાતો. એટલે હું કહું છું કે એક વાત ધ્યાનમાં રાખવી. મહારાજ જમવા માટે ગમે તે સમયે આવે પણ રસોઈ તો તેના સમય પ્રમાણે તૈયાર થઈ જવી જોઈએ. મહારાજ મને કહેતા હતા કે કાચી રસોઈ જમવાથી એમને ઘણીવાર પેટમાં દુઃખે છે. દાઝેલી બળી ગયેલી રસોઈ જમવાથી અરુચિ થઈ આવે છે.

એક દિવસ સવારમા મોટીબા તથા લાડુબા રસોઈની તૈયારી કરવા લાગ્યા. ગંગાબા આવીને માંચી પર બેઠા. પછી કહેવા લાગ્યા. દાળ અને ભાત ચૂલે મૂકતાં પહેલા સ્વચ્છ અને પૂરતા પ્રમાણમાં પાણીથી ધોઈ નાખવા. શાકભાજી પણ ઝાઝા પાણીથી બે વાર ધોવા તે પછી યોગ્ય રીતે એક સરખા સુધારી સારી પેઠે તેલ કે ઘી મૂકી વધારવા. મીઠું, મરચું, હળદર વગેરે પ્રમાણસર નાખવા. દાળમાં કોકમ કે આંબલી નાખવાના હોય તો તે અગાઉથી પલાળી રાખવા. કોથમીર, આદુ, મરચાં પણ સારી રીતે ધોવા. કેટલીક સ્ત્રીઓ દાળ, શાક, વગેરે તૈયાર થાય ત્યારે ચાખી જુએ છે. આપણે એવું કરવું નહિ. અનુભવને આધારે ખબર પડવી જોઈએ કે કઈ વસ્તુ કેટલી જોઈશે. મરી, મસાલા, તેજાના પણ જરૂર હોય તેમ નાખવા રોટલી, ભાખરી કે, પૂરીનો લોટ બાંધીએ તે પહેલાં ચાળી લેવો. આવશ્યકતા પ્રમાણે તેલ કે ઘીનું મોવણ નાખવું. તાવડીમાં રોટલી, ભાખરી

નાખીએ પછી સાવધ રહેવું. સવળી-અવળી બંને બાજુએ એવી રીતે ફેરવતાં રહેવું કે રોટલી-રોટલો દાઝે નહિ, બળી ન જાય ઉતારી લીધા પછી તેના ઉપર ઘી સારી રીતે ચોપડવું.

ગંગાબા અસ્ખલિત વાણીથી સલાહ આપતા હતા. સૂચનો કરતા હતા, પોતાની આવડત બતાવતા હતા. રસોઈ કરવાની રીત શિખવતા હતા.

વધુ સમય સુધી વણમાગી સલાહ આપવાથી સાંભળનાર વ્યક્તિને કંટાળો ઉપજે છે. સલાહ આપનાર પ્રત્યે અણગણો ઉત્પન્ન થાય છે. કંટાળો આવે છે. નફરતની ભાવના પેદા થાય છે. સંબંધોમાં કડવાશ જન્મે છે. લાડુબા, મોટીબા ગંગાબાના સલાહ, સૂચનો સાંભળી સાંભળીને કંટાળી ગયા. ક્યાં સુધી મૌન રહીને સાંભળવું ? ક્યાં સુધી મર્યાદા રાખવી ? ગુસ્સો પણ આવ્યો.

મોટીબાએ કહ્યું, ગંગાબા ! તમે બોલી બોલીને થાકી ગયા હશો. હવે મૌન ગ્રહણ કરો તો સારું. તમે મિષ્ટાન્ન, ભોજન, વ્યંજન બનાવવામાં માહેર છો તે ખબર પડી. મહારાજ તમારે માટે શું કહેતા હતા ખબર છે ? જમતાં જમતાં અમારી પાસે મહારાજ અવાર-નવાર કહે છે કે ગંગાબા રસોઈ બરાબર નથી બનાવતા. રોટલી, ભાખરી, રોટલો ખૂબ દઝાડી દે છે. તેમના ભાત, શાક બધું બળેલું હોય. દાળમાં કોઈ સ્વાદ ન હોય. દહીં હોય તે પણ બરાબર જામ્યું ન હોય. તો પણ અમને પૂછે મહારાજ રસોઈ કેવી થઈ છે ?

ગંગાબા અપમાનિત થયા. મનમાં સમસમી રહ્યાં. પોતાની માનહાનિ થઈ. ક્ષણવાર પછી બોલ્યા, તમે તો જુઠ્ઠા છો. તમને રસોઈ બનાવતાં શિખવાડવાનું મને શા માટે કહે એટલું તો વિચારો !

અમારી પાસે રસોઈ બનાવતાં શિખવા માટે મહારાજે કહ્યું હશે. તમે સમજ્યાં નહિ હો, મોટીબા હસતાં હસતાં કટાક્ષમાં બોલ્યા.

બસ બહુ થયું. નાના મોટાનો મલાજો રાખો.

અમે તો અત્યાર સુધી મર્યાદા જાળવી. તમે જ્યારે હદ બહાર ગયા ત્યારે અમારે બોલવું પડ્યું. માણસ વિવેક ગુમાવે ત્યારે તે અંધ બની જાય છે.

ગંગાબાનું અહમ્ ઘવાયું. ગુસ્સો વધ્યો, અવાજ પણ મોટો થયો. ખિજાઈને બોલ્યા, તમારી રસોઈ હું ક્યાં નથી જમી ? જમવા ઉપરથીજ રસોઈ બનાવનારની કિંમત થઈ જાય. મહારાજ જેમ તેમ જમી લે છે એ તેમની મહાનતા છે. નિઃસ્વાદી પણું છે. અત્યાર સુધી તમને કોઈએ કહ્યું નથી એ જ નવાઈ છે.

તમે રસોઈ બનાવો છો એ મહારાજ જેમ તેમ જમી લે છે. કારણ કે તમને રાજકુટુંબના જાણી તમારી માન-મર્યાદા રાખે છે. અમે એવી રસોઈ ન જમીએ. જેવું હોય તેવું કહી દઈએ. ભલે ખરાબ લાગે. રસોઈ કેમ કરવી તેની તમને કોઈ ગતાગમ છે જ નહિ.


પરસ્પરની બોલચાલ ઉગ્ર બની. ઝગડામાં પરિણમી, ત્રણેય માનુનીઓ ઉભી થઈ લાંબા હાથ કરી કરી ઝગડવા લાગી. દરબારમાં રહેતા માણસો ભેગા થઈ ગયા. ઝગડાનો રંગ જામતો ગયો.

વાત મહારાજ સુધી પહોંચી. કોઈએ કહ્યું, હે મહારાજ ! તમે અહીં સંતોની સાનિધ્યમાં બેઠા છો. પરંતુ દાદા ખાચરના રસોડે તો મોટું યુધ્ધ ચાલી રહ્યું છે. શ્રીહરિ તરત ઉભા થયા. સાથે દાદા ખાચર પણ ઉભા થયા. રસોડે ગયા. મહાપ્રભુએ પૂછ્યું, કેમ શું ચાલે છે ? મોટીબાએ કહ્યું, જુઓને મહારાજ ! અમે આપના માટે થાળ બનાવીએ છીએ તેમાં ગંગાબા આમ કરો તેમ કરો એમ વારેવારે ટોકે છે. શું અમારી રસોઈ આપને પસંદ નથી પડતી ?

શ્રીહરિ કહે છે, ના, ના, મોટીબા એવું કોણે કહ્યું ? તમારા બનાવેલા થાળ તો અમે ભાવથી જમીએ છીએ. ત્યાં ગંગાબા ઉકળી ઉઠ્યા, તો શું મારી બનાવેલ રસોઈ તમને માફક નથી આવતી ?

મહારાજ સમાધાન કારક શબ્દો બોલ્યા, તમને બંનેને ઉત્તમ રસોઈ બનાવતાં આવડે છે. એ અમે જાણીએ છીએ. અમે રસોઈનો સ્વાદ નથી જોતા. બનાવનારની ભાવના, શ્રધ્ધા અને સ્વચ્છતા જોઈએ છીએ.

બંને પક્ષો શાંત થઈ ગયા.



# પણ....

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણનો જયઘોષ દિગંતમાં વ્યાપી રહ્યો હતો. શ્વેતાંબરધારી શ્રીહરિ સુગંધીમાન પુષ્પોના હાર ધારણ કરીનેમંદ મંદ હાસ્યે યુક્ત થકા, પ્રસન્નતાપૂર્વક પોતાના ભક્તજનો ઉપર કરુણાદૃષ્ટિ વરસાવતા હતા. ઉત્તમોત્તમ તીર્થભૂમિ જેતલપુરમાં બિરાજમાન થકા સભામાં બિરાજમાન હતા. ત્યાં સ.ગુ.શ્રી બ્રહ્માનંદના બ્રહ્મબોલ સમા ચર્ચરી છંદના પડછંદા ગાજતા હરિભક્તોના પડધમ અને ભેરી વાગતા, મુક્તમુનિ ઝાંઝ કરતાલ લઈને સુમધુર કીર્તનો ગાતા, દેવાનંદ સ્વામીની સારંગીના અદ્‌ભૂત સૂર રેલાતા, પ્રેમાનંદ પ્રેમભક્તિથી ભરપુર પદોનું ગાન કરતા યોગીવર્ય ગોપાલાનંદ મુનિ સંસ્કૃતમાં વેદગાન કરીને સ્તુતિ ઊચ્ચારતા, નંદ સંતો અને હરિભક્તો એક તાન થઈ હરિરસની હેલીનું પાન કરતા અને ઉંચ્ચ સ્વરે તાળી પાડીને નારાયણ ધૂન્ય કરતા. શ્રી સ્વામિનારાયણ મહામંત્ર બ્રહ્માંડ ભેદીને ચોમેર પ્રસરી રહ્યો હતો. શ્રીહરિ પણ ભેળા ગાતા જાય અને ડોલતા જાય તે દર્શન કરીને સૌ હરિભક્તો ધન્ય થતા. શ્રીહરિએ વચનામૃતમાં કહ્યું છે કે આવાં કીર્તનો સાંભળીને પ્રભુમય બનવાની એવી તો મસ્તાઈ આવે છે કે જાણે દિવાના બની જવાશે. આવી પ્રેમભક્તિ તો એક અહીં અને બીજી પ્રભુના અક્ષરધામમાં જ છે.

કીર્તન ભક્તિ પૂરી થઈ રહી ત્યાં તો વ્યાસાવતાર સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ ભગવદ્ કથાનું વાંચન કરવા ધીર ગંભીર સાદે મંગળા ચરણ શરૂ કર્યું. સ.ગુ.શ્રી નિત્યાનંદ મુનિની વિદ્વત્તા એવી હતી કે તેમના પ્રભાવશાળી મુખ ઉપર તેઓ એક વખત ચશ્મા પહેરે એટલે સામે ગમે તેવો પંડિત હોય કે અભણ હોય, પણ તેના મનના સંકલ્પો સર્વે વિરામ પામી જાય. અને ભગવત્ જ્ઞાનના ભાવાર્થના ઘૂંટડા પીને અમૃતના ઓડકાર ખાય. કથામાં શ્રીહરિ પોતે પ્રશ્ન ઉત્તર કરતા અને વેદાદિ શાસ્ત્રોના ગૂઢાર્થને ઓગાળીને તે લોકભોગ્ય ભાષામાં સમજાવતાં. કથામાં પરમાત્માની ઐશ્વર્યની મોટ્યપની વાતો આવી. શાસ્ત્રો પરમાત્માને નેતિનેતિ કહે છે. તેમના ઐશ્વર્યનો પાર પામી શકાતો નથી. તે સર્વ શક્તિમાન છે. તેમની મરજી વિના સૂકું પાંદડું પણ હાલવાને સમર્થ નથી. સભામાં બેઠેલા સર્વે જનો સુપેરે જાણતા-સમજતા અને અનુભવતા કે આ સહજાનંદ સ્વામી છે તે જ અક્ષરધામના અધિપતિ છે અને તે જ સર્વે અવતારના અવતારી છે. આ માનુષ મૂર્તિ હોવા છતાં પણ અલૌકિક મહા ઐશ્વર્યશાળી ભગવાન પોતે જ છે.

શ્રીહરિએ પ્રવર્તાવેલા ત્યાગી-ગૃહીના પંચ વ્રતમાન સૌ સાવધાન થઈને પાળતા. શ્રીજીએ શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞાઓ સૌ અક્ષરસહઃ અનુસરતા અને તેથી જ ઘણા એકાંતિક ભક્તજનો નિરાવરણ દૃષ્ટિ પામ્યા હતા. શ્રીજીના નંદ સંતો પણ અપાર સામર્થી ધરાવતા હતા. આ મહાપુરુષો વચનસિધ્ધ હતા. વૈરાગીઓને પણ મોહ પમાડે તેવી મધુર વાણીના વક્તા મુક્તાનંદ મુનિ સત્સંગની મા ગણાતા, દટ્ટન સો પટ્ટન કરી શકવાને સમર્થ દેવાનંદ સ્વામી, અશ્વ જેવી પશુજાતિને પોતાના સ્પર્શ માત્રથી નિષ્કામ કરી દેનાર યતિ બ્રહ્માનંદ સ્વામી, નાડી પ્રાણ તોડીને શ્રીજીના ધામમાં પહોંચી જનાર સચ્ચિદનંદ મુનિ, વાઘ પણ જેને પગે લાગીને જતા રહ્યા હતા તેવા અખંડાનંદ મુનિ, કામક્રોધાદિક જેની પાસે ફરકી પણ ન શકે તેવા વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ, અતિ વિદ્વાન પંડિતોની સભાને જીતનાર વિદ્વતવર્યશ્રી નિત્યાનંદ મુનિ.... આવા તો અનેક સંતો મહંતો ત્યાં સભામાં બેઠા છે.

તેમની પરીક્ષા લેવાને સારુ શ્રીજીએ બે ભૂજ ઊંચા કરીને ઘેરે સાદે સર્વેને શાંત કર્યા અને બોલ્યા કે હે સંતો ! આ તમે સૌ મારું ભજન કરો છો તે મારે જાણવું છે કે તમે દરેક જાણ કેટલું ઐશ્વર્ય ધરાવો છો ? શ્રીજીએ આમ પૂછ્યું ત્યારે તે મહા સમર્થ સંતોએ પોતે જે કરી શકે - તે ઐશ્વર્યની વાતો કરી. જો હું ધારું તો, સંતાન આપી શકું,.... લક્ષ્મી આપી શકું.... સુખ સાહબી આપી શકું... દર્દ દૂર કરી શકું. ........

સમાધિમાં જઈ શકું..... અખંડ ઉપવાસ કરી શકું...... અખંડ ભજન કરી શકું...... વગેરે વગેરે.......

પછી સૌથી છેલ્લે **સ.ગુ. ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, હે મહારાજ ! હું આ બ્રહ્માંડને જેમ તાવડીમાં રોટલો ફેરવે તેમ ફેરવી શકું પણ... જો તમારી ઈચ્છા હોય તો.** આ સાંભળીને શ્રીહરિ અતિશય રાજી થઈને સ્વામીને બાથમાં ઘાલીને મળ્યા. અને સર્વેને સમજ આપી કે આવા મોટા સામર્થીવાળા હોવા છતાં પણ અતિ નિર્માની છે તે તેમને ધન્ય છે. નિર્માનીપણાને લીધે બોલ્યા કે, **પણ જો તમારી ઈચ્છા હોય તો** 'અર્થાત્ સામર્થીવાળાએ પણ શ્રીહરિની મરજી જોઈને સામર્થી વાવરવી. શ્રીજીની મરજી વિરૂદ્ધ સામર્થી વાવરવી નહિ. શ્રીજીએ જ્યારે દેહત્યાગ કરવાનું નક્કી કર્યું ત્યારે શ્રીજીનો વિયોગ સહન નહિ કરી શકવાને કારણે સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીજીના પહેલાં નાડી-પ્રાણ સંકેલીને શ્રીજીની મરજી વિરૂદ્ધ, અક્ષરધામમાં ગયા. સ્વપ્રયત્ને અક્ષરધામમાં જઈ શકે તેવા મોટાને પણ, શ્રીહરિએ સમજાવીને પાછા ત્યાંથી અહીં દેહમાં મોકલ્યા હતા. જેમ સામર્થી આવે તેમ તેમ વધુ વિનમ્રતા રાખવી પણ પિબૈક કે મગનીરામ જેવું થવાય નહિ.

**'પણ'**.... શબ્દનો સાચો ઉપયોગ તો ગોપાળાનંદ સ્વામીએ કર્યો. કે હે મહારાજ ! મારી પાસે શક્તિ છે પણ તે બધી તમારી આપેલી છે. અજ્ઞાની મનુષ્યો પરમાત્માની કૃપા ભૂલી જાય છે. અને માત્ર પોતાની મોટ્યપને ગાય છે. શ્રીજીને લઈને બધી મોટ્યપ છે તે સનાતન સત્ય છે. ઐશ્વર્યવાન થવું એ ગુણીજનનું લક્ષણ છે. પરંતુ તે ગુણ જીરવવા સહેલા નથી. આ જીવ પાસે થોડું ઐશ્વર્ય આવે, થોડી સામર્થી આવે, થોડું ધન કે સત્તા આવે ને તરત જ વિચારો બદલાઈ જાય. ને બધું હું કરું છું, આ બધું મારું છે, મારા સિવાય બીજું કોઈ કાંઈ કરી શકશે નહિ આમ વિચારવા માંડે. આ બધી પતનની નિશાનીઓ છે. સત્પુરુષો એમ વિચારે છે કે આ ઐશ્વર્ય, સામર્થી, ધન-સત્તા બધું મને મળ્યું છે પણ.... એ સર્વે મારી ઊપર શ્રીહરિના રાજીપાને લીધે છે.

જગતના જે જીવોને માન-ઈર્ષ્યા-મત્સર આદિક અવગુણો વળગ્યા છે તે કોઈનું કશું સારું થતું હોય તેને દેખી શકતા નથી અને મનમાં બળી જાય છે. આવા લોકો ચતુરાઈથી પ્રત્યક્ષ રીતે પોતાની નામરજી દર્શાવતા નથી. કિંતુ અપરોક્ષ રીતે હીન ભાષાનો ઉપયોગ કરીને સામેવાળાનું ખરાબ ચિતરે છે. પ્રતિપક્ષીએ કાંઈ સારું કર્યું હોય ત્યારે બોલે કે તેણે આ સારું કર્યું પણ...'' એમ કહીને તેમાં છિદ્રો બતાવ્યા કરે. કારણ કે તેના હૈયામાં હેત નથી પરંતુ વેરઝેર ઈર્ષ્યા મત્સર છે. કુસંગી જીવો સંસાર વ્યવહારમાં મોટે ભાગે 'પણ' શબ્દનો ઊપયોગ નકારાત્મક રીતે કરે છે. તેઓ 'પણ' શબ્દનો ઊપયોગ સામેવાળાના દોષો પ્રકાશિત કરવામાં, પોતાની ખામીઓને છુપાવવા, પોતાની અણઆવડતને ઢાંકવા માટે કરે છે. એક ગોપાળાનંદ સ્વામીએ 'પણ' શબ્દનો ઉપયોગ સાચો, સારો અને સુયોગ્ય રીતે કર્યો છે.

શ્રીજીના સમૈયામાં દર્શન કરી આવેલા કે વ્રતોત્સવના દિવસે મંદિરમાં દર્શન કરીને આવેલ વ્યક્તિ જો હરિભક્ત હશે તો બોલશે કે, ''થોડી અગવડતા પડી પણ.... દર્શન બહુ સારાં થયાં' અને જો તે સાચો અને સારો હરિભક્ત નહિ હોય તો બોલશે કે, ''દર્શન તો થયાં પણ... અગવડતા બહુ પડી.'' વ્યક્તિની બોલી ઊપરથી સંતો હરિભક્તોનું હીર પારખતા. આવો વિવેક શ્રીહરિએ આપણને શીખવ્યો છે. જેતલપુરના પાંચમાં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, ''...... ભગવાનનું કર્યું સર્વે થાય છે. અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે. અને શ્રી નરનારાયણને પ્રતાપે કરીને અમારું કર્યું પણ થાય છે...'' પોતે સર્વે અવતારના અવતારી છે, અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ છે, પોતે સર્વે શક્તિમાન છે તેમ છતાં વિવેકભર્યા વચનો ઉચ્ચારીને આપણ સૌને સમજ આપી છે.

**તા. ૧૯ જુલાઈ ૨૦૧૨ ના રોજ ગોપાળાનંદ સ્વામી ના જન્મસ્થાન ટોરડા ગામે પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રી પધાર્યા હતા ત્યારે શ્રી ગોપાલલાલજી મહારાજની સાનિધ્યમાં હિતકારી વચનો તેઓશ્રીએ સભાજનોને જણાવ્યા અને આગ્રહપૂર્વક જણાવ્યું કે તમે સૌ સત્સંગીજનો છો તેથી આ 'પણ' શબ્દનો ઊપયોગ હકારાત્મક રીતે જ કરજો. પણ તેને નકારાત્મક રીતે ક્યારેય વાપરશો નહિ. તો તમારી ઉન્નતિ તો થશે જ અને સાથે સાથે સમાજની પણ ઉન્નતિ જરૂર થશે.**

**શ્રીજીના અપર સ્વરૂપ સમા શ્રી નરનારાયણદેવની ગાદી ઉપર પીઠાધિપતિ તરીકે આસનસ્થ થયેલા, મિતભાષી મહાપુરુષ અને આચરણમાં મૂકીને ઊપદેશ આપનાર ઊપદેષ્ટા એવા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કૃપા વચનો જીલવા હું બહુ નાનો છું તેમ છતાં સૌને હિતકારી જાણીને તેમની વાણીને મેં અક્ષરદેહ આપવા કિંચિત પ્રયત્ન કર્યો છે.**

**આમ તો આ લેખ સારો છે પણ........**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

લિખાવિતં પાંડે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જત સદગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામિ આદિ અધિકારી સમસ્ત નારાયણ વાંચજ્યો. બીજું લખવા કારણ એમ છે જે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજની આપણાને આજ્ઞા છે જે આપણે કોઈનું કરજ ન કરવું તથા થાપણ ન રાખવી. તથા પોતાના સેવક સત્સંગી બાઈભાઈ હોય તેમને વ્યાજે રૂપૈયા ન દેવા અને મહોબત્તને પેટે જો દેવા પડે તો ઊછીના કરીને દેવા પણ પાછી તેની પાસે ઊઘરાણી ન કરવી.

તે પોતાને જાણે આવે તારે લેવા. ને કુસંગીને વ્યાજે રૂપૈયા દેવા હોય તો તેનું ઘરેણું રાખીને દેવા અને સત્સંગીને તો ઘરેણું રાખીને પણ ન દેવા અને બીજી જે વરત્યાની રીત તે તો શિક્ષાપત્રીમાં મહારાજે લખી છે તે પ્રમાણે વર્તવું.

અને આ લખ્યા પ્રમાણે શ્રીજી મહારાજની જે આજ્ઞા નહી માને તે અમારો સેવક નહિ ને તે વચનદ્રોહી ને ગુરુદ્રોહી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ધામમાં પધાર્યા પહેલાના આશરે એક વર્ષ પહેલા આદિ આચાર્ય શ્રી પ.પૂ.ધ.ધુ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ લખાવેલ આ પત્ર છે.

શ્રીજી મહારાજે લખેલી શિક્ષાપત્રીમાં ભક્તિમાર્ગની સાથે, વ્યવહાર શુધ્ધિને પણ પ્રાધાન્ય આપ્યુ છે. શ્રીજી આશ્રિત કદાપિ અન્ન- વસ્ત્રે કરીને દુઃખી થાય નહિ તેવાં તેઓશ્રીના કૃપા વચનો છે.

વ્યવહાર માર્ગને વિષે દેવું-ઋણ ન જ કરવું તે ઉત્તમ સિધ્ધાંત છે હરિભક્તો સાથે આત્મબુધ્ધિ રાખવી અને તેથી જ જો તેમને ધન આપવાનો પ્રસંગ થાય તો, તે પાછા લેવા માટે તેની કયારેય ઉઘરાણી ન જ કરવી. શ્રીજી મહારાજ તેને પ્રેરણા કરશે એટલે તે યોગ્ય સમયે પરત આવશે તેવી ઉત્કૃષ્ટ સમજણ રાખવી.

કહેવત છે કે ધનની લેવડ-દેવડ કરીને આ લોક અને પરલોક બગડે નહિ તેની ચિવટ રાખવી.

આ અણિશુધ્ધ વ્યવહાર શુધ્ધિ આપણે રાખીશું તો જીવન જીવવામાં અને પરમાત્માનું ભજન કરવામાં કયાંય કોઈ રીતે અડચણો આવશે નહિ. આ પત્ર હરિભક્તોના દર્શનાર્થે સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં ૯માં રાખવામાં આવ્યો છે. સર્વે હરિભક્તો તેનાં દર્શન કરજો અને શ્રીજી આજ્ઞા પાળવાનો ખટકો રાખજો.

- હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

---

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓગસ્ટ-૨૦૧૨

- રૂા. ૫૧,૦૦૦/- ઠક્કર સ્નેહ એમ. અમદાવાદ
- રૂા. ૨૫,૦૦૦/- મિસ્ત્રી ચાંદની વિજયભાઈ - ઘાટલોડીયા
- રૂા. ૨૧,૦૦૦/- ઠક્કર અશોક મૂળજીભાઈ, અમદાવાદ
- રૂા. ૧૫,૦૦૦/- સુધીરકુમાર પરષોત્તમભાઈ પટેલ હર્ષદકોલોની
- રૂા. ૧૧,૧૧૧/ પટેલ વિનુભાઈ અમથાલાલ - વેડા
- રૂા. ૧૧,૦૦૦/- રાઠોડ વિશાલ હિતેન્દ્રભાઈ ઈસનપુર
- રૂા. ૧૦,૦૦૦/- પુનમભાઈ મગનભાઈ પટેલ અમદાવાદ
- રૂા. ૬૧૫૦/- કમાભાઈ દાનાભાઈ - કાલિયાણા
- રૂા. ૫,૦૦૦/- અરવિંદભાઈ ત્રિકમદાસ પટેલ કરજીસણ
- રૂા. ૫,૦૦૦/- ઘનશ્યામ ટ્રેડર્સ - સાઘલી હ.લક્ષ્મણભાઈ માવજીભાઈ પટેલ
- રૂા. ૫,૦૦૦/- હિરેનભાઈ પ્રાગજીભાઈ પટેલ બાપુનગર
- રૂા. ૫,૦૦૦/- મુકેશચંદ્ર રામચંદ્ર પટેલ-ઘાટલોડીયા
- રૂા. ૫,૦૦૦/- ડી. એમ. શુક્લ, અમદાવાદ
- રૂા. ૫,૦૦૦/- ઘનશ્યામ એન્જી. ઈન્ડ. બોપલ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ઓગસ્ટ-૨૦૧૨

- તા. ૦૩. શ્રી વિરજી કાનજી રાઘવાણી તથા સુરેશ પ્રેમજી હિરાણી - બળદિયા (કચ્છ)
- તા.૦૫. પટેલ હર્ષદકુમાર ચંદુલાલ - ઓસ્ટ્રેલીયા
- તા.૧૨. દિનેશભાઈ ડી. સાવલીયા - નવા નરોડા
- તા.૧૫. હરજીવનદાસ કરશનદાસ પટેલ (ધરમપુરવાળા)- અમદાવાદ
- તા.૧૯. શ્રી સ્વા.મંદિર બહેનોનું -દરબારગઢ મોરબી હ. સાં.યોગી રાજકુંવરબા, ઉષાબા
- તા.૧૯. શ્રી સ્વા.સત્સંગ સમાજ (બહેનો)- નારણપુરા હ.મહંત સ્વામી હરિઓમપ્રકાશદાસજી
- તા.૨૩ શ્રી સ્વામિ. મંદિર -વાવોલ હ. સાં.સુરજબા
- તા.૨૪. શ્રી સ્વા.સત્સંગ સમાજ - કડી હ.હરજીવનભાઈ (ધરમપુરવાળા)
- તા.૨૫. શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ-નારણપુરા હ.મહંતસ્વામી હરિઓમપ્રકાશદાસજી
- તા.૨૬. શ્રીનરનારાયણદેવ મહિલા મંડળ -રાણીપ હ. શારદાબેન તથા કૈલાસબેન
- તા.૨૮. શ્રીનરનારાયણદેવ મહિલા મંડળ -નવા વાડજ હ.કાન્તાબેન જગદીશભાઈ પટેલ
- તા.૩૧. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - બાપુનગર

### શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યો જોગ

શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યોને જણાવવાનું કે આપના નામમાં ફેરફાર, અંક ન મળવા અંગે અથવા તો અંકને લગતા કોઈ કામ માટે આપનો **લાઈફ મેમ્બર નંબર ગ્રાહક નંબર** અને વાર્ષિક સભ્ય માટે **પણ ગ્રાહક નંબર ખૂબજ જરૂરી છે. ગ્રાહક નંબર વગર સરનામું પણ** નહીં બદલાય અને ફરિયાદ પણ નહીં લેવાય. માટે **આપનો ગ્રાહક નંબર જરૂર યાદ રાખવો.** પોતાના વિસ્તારનો પીનકોડ ખોટો છપાયો હોય તો અહીં ઓફિસમાં સાચો પીનકોડ ખાસ જણાવવો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ)ની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણસાના પ.ભ. રમેશભાઈ કચરાભાઈ પટેલના સૌજન્યથી શ્રી સ્વામિનારાયણ માસિકના કુલ ૬૦ સભ્યો (વાર્ષિક) બનાવ્યા છે. ખૂબ ખૂબ ધન્યવાદ.

-તંત્રીશ્રી

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## માફી માગો, સુખી બનો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સરસ મજાની વર્ષાઋતુ ચાલે છે. બધી ઋતુમાં વર્ષાઋતુ સાત્વીક ઋતુ ગણાય છે. તેથી જ તો આ ઋતુમાં વિશેષ નિયમો લેવાતાં હોય છે. આપણે પણ આજ એક એવી વાત કરીશું કે નિયમથી કેટલો ફાયદો થાય છે.

વાત જાણે એમ છે. સૌરાષ્ટ્રના એક ખૂણે પર્વતોની વચ્ચે અને નાના-નાના ત્રણ-ચાર ઝરણાઓથી વિંટળાયેલું નાનું એવું ગામ ધરમપુર, મોટા શહેરથી દૂર અને કુદરતના ખોળે વસેલું હોવાથી શહેરની ઝાકમઝોળ અને સઠતા અહીં સુધી પહોંચ્યાં ન હતાં. ગામના માણસો ભાવિક, ધર્મમાં શ્રધ્ધાળુ, નિખાલસ અને સાચા બોલા હતાં.

આ ધરમપુર ગામમાં કુશળચંદ શેઠ શાહુકાર ગણાતા. ગામમાં તેમની પેઢી હતી અને ત્રણ-ચાર દુકાનો પણ હતી. ગામના બધા જ માણસો તેમની સારી શાખ હોવાના કારણે ત્યાંથી જીવન જરૂરી ચીજો ખરીદતા હતાં. શાખ વધી-વેપાર વધ્યો એટલે એમણે એક મુનીમને નોકરીએ રાખ્યો. શેઠની હાજરીમાં અને બહારગામ જાય ત્યારે તેમના વતી આ મુનીમ વખતચંદ પેઢી સંભાળતો-શેઠને પણ મુનીમની વફાદારી માફક આવી ગઈ હતી. એટલે નાણાકીય વ્યવહાર પણ તેને સોંપતા હતા.

શેઠના બંગલાની બાજુમાં જ મંદિર હતું. આવી સરસ ચોમાસાની ઋતુમાં ગામના ભાઈ-બહેનોએ નક્કી કર્યું કે નિયમ લઈએ તો એવો લઈએ કે આપણને તો ફાયદો થાય પણ આપણું જોવે-જાણે તેને પણ ફાયદો થવો જોઈએ. બધાએ નિયમિત દરરોજ સાંજે ૪ થી ૬ મંદિરમાં ભેગા થવાનું અને ભજન-કીર્તનોથી તરબોળ થઈ પ્રસાદ લઈ ઘરે જવું, તેમ નક્કી કર્યું.

મંદિર બાજુમાં જ હોવાથી બપોરના સમયે ઘરાકી થોડી ઓછી હોય એટલે મુનીમ વખતચંદને રસ પડ્યો અને ધ્યાનથી મંડળીના ભજન-કીર્તન સાંભળે. પછી મનથી નક્કી કર્યું કે આ બધા કેવા મસ્તાન થઈ ભજન-ભક્તિ કરે છે. મેં જીવનમાં પૂજા-પાઠ ધરમ-કરમ કાંઈ કર્યું નથી. જો હું આ મંડળીમાં સામેલ થાઉ અને આ બધાની સાથે પ્રભુભક્તિમાં લીન થાઉં તો મારું કલ્યાણ થાય.

બીજા દિવસે મુનીમ આ મંડળીના આગેવાન ભક્ત ધ્યાનચંદને મળ્યા અને પોતાને જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી. ભક્ત ધ્યાનચંદે અનુમતિ આપી. મુનીમ ભજનમાં જોડાઈ ગયા. ધીમે-ધીમે ધ્યાનથી ભજન-કીર્તનના શબ્દો સાંભળતા અને રટણ કરતા તેથી મુખપાઠ થવા માંડ્યા. આમ બે ત્રણ મહિના ભજનમાં જવાથી ભક્તિ માર્ગમાં થોડી થોડી સૂઝ પડવા માંડી. પણ અન્ય ભક્તોની જેમ તલ્લીનતા આવતી ન હતી. તેથી એક દિવસ પાછા ભક્ત ધ્યાનચંદને મળ્યા અને ખુલ્લા મને નિખાલસથાથી વાત કરી કે, તમારા બધાના જેટલી એકાગ્રતા-તલ્લિનતા મારામાં આવતી નથી. તો શું કરવું ? ત્યારે ભક્ત ધ્યાનચંદે કહ્યું કે હજુ તમારા હૃદયમાં ક્યાંક પાપ છુપાઈને બેઠું હશે. એટલે તમે તે સ્થિતિએ આવી શકતા નથી. આ મુનિમ પણ સાચા બોલો હતો તેથી મુનીમે કહ્યું કે, મેં મારા શેઠની જાણ બહાર રૂપિયા પાંચ હજારની ચોરી કરી છે. પણ હવે મને એમ થાય છે કે ભૂલ હતી અને મારે પાછા મુકી દેવા જોઈએ.

મુનીમે વિચાર્યું કે મારી ચોરીની શેઠને ખબર નથી માટે તેમને જાણ કર્યા વગર રૂપિયા પાછા મૂકી દઉં અને મુનીમે પોતે ચોરેલા રૂપિયા પાંચ હજાર શેઠની તિજોરીમાં મૂકી દીધા અને પાછો સત્સંગમાં ભજન-કીર્તનમાં જવા લાગ્યો. હૃદયમાં થોડી હળવાશ થવાથી મન થોડું થોડું સત્સંગ સભામાં ભજન-કીર્તનમાં ચોટવા લાગ્યું. પણ હજુ સાચો આનંદ મળતો નહોતો. તેથી ફરીથી ભક્ત શિરોમણી ધ્યાનચંદને પોતાના હૃદયની વાત નિખાલસતાથી જણાવી. ભક્તે કહ્યું ! મુનિમજી, તમે શેઠની જાણ બહાર લીધેલા રૂપિયા જાણ બહાર મૂકી દીધા તે વાત સાચી પણ પ્રભુની તો એવી આજ્ઞા છે કે આપણે જેનો દ્રોહ કર્યો હોય તેની સમક્ષ જઈ પોતાની ભૂલની માફી જે તે વ્યક્તિ પાસે માંગવી જોઈએ'' તમે શેઠની માફી માંગી નહી હોય. કેવી રીતે માંગુ? જ્યારે હું તેમને મારા મોઢે ચોરીની વાત કરું ત્યારે મારી આબરૂ શું રહે ? વળી નોકરી જાય. ગામમાં ફજેતો થાય તો બીજે પણ કોઈ નોકરીએ ન રાખે. ભક્ત ધ્યાનચંદે કહ્યું, જો ભાઈ ''હરિનો મારગ છે સૂરાનો'' સાચું બોલતા કષ્ટ વેઠવું પડે તો વેઠી લેવું પણ પોતે જ જઈને માફી માગવી જોઈએ. તમારી હિંમત ન ચાલતી હોય તો હું સાથે આવું.

બીજે દિવસે સવારે શેઠ કુશળચંદ પાસે મુનીમ વખતચંદ અને ભક્ત ધ્યાનચંદ તેમની પાસે પહોંચ્યા. શેઠે ભાવથી આદર-સત્કાર કર્યો અને શેઠ પણ ભક્ત ધ્યાનચંદને વરસોથી ઓળખતા હતા. તેથી ખબર અંતર પૂછી આવવાનું કારણ પૂછ્યું. ત્યારે ધ્યાનચંદ ભક્તે શેઠ કુશળચંદને વિગતે વાત કરી અને આ આપના મુનીમ વખતચંદ આપની સમક્ષ કરેલી ભૂલની માફી માગવા આવ્યા છે. પસ્તાવાનો પાર નથી. હૃદય રૂવે છે પણ જીભ ઉપડતી નથી. અમારા સત્સંગમાં આવે છે. અને નિયમમાં જોડાયા છે તેથી હૃદય પરિવર્તન થયું છે. તો આપ તેમને યોગ્ય હોય તેમ કરો.

શેઠ ઉઠ્યા મુનીમ વખતંચદને માફી આપી અને ભેટ્યા. તેમની સત્યતા અને નિષ્ઠાના કારણે નોકરીએ તો ચાલુ જ રાખ્યાં પણ પગાર પણ વધારી દીધો. કોઈપણ કાર્ય ન ગમતું આપણાથી થઈ ગયું હોય તો તેનો પસ્તાવો તો

હૃદયમાં થવો જ જોઈએ. એટલે તો એક કવિએ કહ્યું છે કે,

"હા, પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે.
પાપી તેમાં ડૂબકી મારી, પુણ્ય શાળી બને છે."
પસ્તાવો થાય તો પાપી પણ પુણ્યશાળી બને.

વહાલા ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્યના એકતાલીસમાં વચનામૃતમાં ઉપદેશ આપતાં આ વાત સમજાવી છે કે "જેનો દ્રોહ કર્યો હોય એની પાસે માફી માંગવી અને ફરીથી એ ભૂલ ન થાય તેવો ખટકો રાખવો. તો આ મુનીમની જેમ પાપથી મુક્ત થવાય અને સદાય આનંદમાં રહેવાય અને અધ્યાત્મ માર્ગમાં આગળ વધવું હોય તો નિખાલસ બનવું એ પાયાની શરત છે. બાકી કપટ રાખનારો ક્યારે પણ આગળ વધી શકતો નથી. એટલે આપણા આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પણ કહ્યું છે ને,

"એક કપટી ન તરે રે મહારાજ,શરણ આયે સબહી તરે."

●

**મહાપુરુષોનો શાપ આશીર્વાદ બની જાય છે**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

બદ્રિકાશ્રમમાં નરનારાયણદેવ બિરાજે છે. નરનારાયણદેવ બ્રહ્મચર્યનો મહિમા વધારવા ઋષિરૂપે રહ્યા છે. એક બોરડીના વૃક્ષ નીચે બેસીને ભક્ત સુખાર્થે તપ કરે છે.

એક સમયે હજારો ઋષિ મુનીઓ ભારત ભરના તીર્થોનીયાત્રા કરવા જાય છે. અડસઠ તીર્થ, સાતપુરી, ચારધામ આ બધી જ જગ્યાએ વિચરણ કરે છે. વિચરણ દરમિયાન તીર્થસ્થાનમાં થતા અધર્મ-પાપ, અપવિત્રતા આ બધું જોઈ દુઃખ પામે છે. સાધુ પુરુષો કોઈ ધન-સંપત્તિની બાબતમાં દુઃખી નથી થતા. લોક વ્યવહાર, માન-અપમાનથી દુઃખી નથી થતા. સાધુ પુરુષોનું દુઃખ તો તીર્થમાં તથા માનવ મનમાં અધર્મ, પાપ, ભ્રષ્ટાચાર વધે ત્યારે થાય છે.

ભારત ભરના તીર્થોની યાત્રા દરમિયાન દુઃખ પામેલા આ હજારો ઋષિઓ ભરતખંડના રાજા ઋષિરાજ શ્રીનરનારાયણદેવ પાસે બદ્રિકાશ્રમમાં આવે છે.

તીર્થમાં થતા અધર્મ પાપની વાત કરે છે. તેવા સમયમાં કૈલાસમાંથી દુર્વાસા ઋષિ પણ શ્રી નરનારાયણદેવના દર્શન કરવા આવે છે. દુર્વાસા ઋષિ ઉગ્ર સ્વભાવના હતા. કોઈ ભૂલ કરે તો શીઘ્ર ક્રોધમાં આવી જતા.

સભાની પાછળ આવી પોતાના સન્માનની પ્રતિક્ષા કરીને ઉભા રહ્યા. પરંતુ ધર્મ રક્ષાની ચિંતામાં ઉંડા ઉતરેલા ઋષિમુનિઓને દુર્વાસા મુનિના આગમનની ખબર ન રહી.

નહિતર તો જેમ ગામની ભાગોળે સિંહ આવે તે ગામમાં બધાને ખબર પડ્યા વગર રહે નહિ. તેમ ઋષિમુનિઓની સભામાં દુર્વાસા જેવા મહામુનિ આવે તે પણ કોઈને જાણ બહાર રહે નહી. પરંતુ ઈશ્વર ઈચ્છા બળવાન હોય છે. નરનારાયણદેવની ઈચ્છાથી જ કોઈનું લક્ષ દુર્વાસા ઋષિ તરફ ગયું નહી. બધાનું મન નરનારાયણદેવમાં તન્મય રહ્યું.

દુર્વાસા ઋષિ પોતાનું સન્માન ન થતા અતિશય ક્રોધીત થઈ ગયા. અજબ ઘટના કહેવાય. જ્યાં હિંસક જનાવરોની હિંસક વૃત્તિ નાશ પામી જાય છે. જ્યાં પરમાત્મા બિરાજમાન હોય ત્યાં અંતઃશત્રુઓ નાશ પામી જાય છે. ત્યાં દુર્વાસા ઋષિ ક્રોધ કેવી રીતે સાથે લઈ ગયા. દુર્વાસા ઋષિએ ક્રોધીત થઈને કહ્યું.

આ બધા બેઠેલા મહર્ષિઓ, સિદ્ધો, મહાત્માઓ વિદ્વાન છે, તપસ્વીઓ છે. પંડિતો છે. વ્રતનિષ્ઠ છે. પરંતુ મારું સન્માન નથી કરતા માટે આ પંડિતો અને મૂર્ખાઓ એ બેય સરખા છે. મને લાગે છે કે આ બધાને હવે તપનું, ત્યાગનું અભિમાન આવી ગયું છે. જ્ઞાનનું, વિદ્યાનું અભિમાન આવ્યું છે. અભિમાનને કારણે મારા જેવાનું સ્વાગત નથી કરતા પણ ઠીક છે એ બધાના અભિમાનને હમણાં હું ઉતારી નાંખીશ. ક્રોધથી વ્યાકુળ બનેલા દુર્વાસા ભરી સભામાં શાપ આપે છે.

"આ સભામાં બેઠેલા બધા જ ભરતખંડમાં જન્મ ધારણ કરી અને અત્યારે કળિકાળના કારણે કેટલાય અસૂરો ભારતમાં જન્મી ચૂકેલા છે એ અસૂરો થકી તમે દુઃખ પામો." દુર્વાસાજીના શાપથી આખી સભા ચમકી ગઈ. કેટલાય તો ઉતાવળીયા દોડ્યા. દુર્વાસાજીના પગમાં પડ્યા. પણ ખિજાઈ ગયેલા દુર્વાસાએ કહ્યું,

"મારું નામ સુણી શાંતિ નાસે,
ક્ષમા આવે નહિ મુજ પાસે."

ત્યાં ધર્મદેવ જઈને હાથ જોડીને કહે છે "દુર્વાસાજી ! તમે તો મહાન સંતો છો. બહુ દયાળુ મહાત્મા છો. તમારું હૃદય તો માખણ જેવું કોમળ છે." ધર્મદેવની વાણી નમ્રતાપૂર્વક ઉચ્ચારાયેલી હતી. તમે જે કાંઈ શાપ આપ્યો એ અમારા સારા માટે છે. કારણ, "દુર્જનોના આશીર્વાદ શાપ બરોબર હોય છે. સજ્જનોનો શાપ પણ આશીર્વાદ બરોબર હોય છે." તમારા જેવા મહાત્માઓ જે કાંઈ વચન ઉચ્ચારે, એ જગતના હિત માટે જ હોય છે.

ધર્મદેવના વિનયભર્યા વચનો સાંભળી ઋષિ શાંત થયા. દુર્વાસા ઋષિ કહે છે. જુઓ ધર્મ ! મેં જે શાપ આપ્યો એ મિથ્યા નહિ થાય એ સહન કર્યે જ છૂટકો છે. પણ શાપની સાથે એક વરદાન આપું છું.

"આ સભામાં બેઠેલા નરનારાયણદેવ, તમારે ત્યાં પ્રગટ થશે અને અસૂરો થકી તમારી અને આ બધા મહર્ષિઓની રક્ષા કરશે." માટે દુર્વાસા ઋષિના શાપને નિમિત્ત બનાવી સ્વતંત્ર મૂર્તિ પરમાત્માએ અક્ષરધામના અધિપતિએ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો.

આ લેખને જો શાંતિથી વાંચ્યો હશે તો ઘણા બધા પ્રશ્નોના જવાબ આમાંથી મળી શકે તેમ છે. જો ટુંકમાં કહીએ તો દુર્વાસાઋષિને ઠપકો ન આપતા એ તો આપણી ફેવરમાં હતા. સત્પુરુષોના પરિતાપને સહન કરનાર ક્યારે પણ દુઃખી થતા નથી. પરંતુ સુખમાં વધારો જરૂર જરૂર થાય છે.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"માત્ર મનની દિશા બદલવાની છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

ભગવાને આપણને ખૂબ દયા કરીને આ સત્સંગ આપ્યો છે. સત્સંગમાં બેસવાથી સ્હેજે સ્હેજે જગત વિસરાઈ જાય છે. જગતના માણસો કેટલા પ્રયત્ન કરે છે, છતાં ક્યારેય પણ માણસના મનમાંથી જગત નીકળતું નથી. એવું નથી કે વનમાં જઈને એકાંતવાસ સેવવો, ગૃહસ્થાશ્રમમાં પણ ભગવાન ભજી શકાય છે. ગમે ત્યાં રહો મનમાંથી સંસાર નીકળવો જોઈએ. સાચો ત્યાગ મનથી થાય છે. મહારાજે પૂજા કરવાનું કીધું છે. કેવી રીતે કરવાની તે પણ કીધું છે. પરંતુ કેટલા સમય સુધી કરવી તે નથી કીધું. કેમ કે ? જેટલા સમય સુધી ભગવાનમાં ચિત્ત એકાગ્ર થાય તેટલી વાર કરવી. અડધો કલાક, કલાક જેને જે સમય મળે તે પ્રમાણે કરતા હોય છે. પરંતુ મનને સ્થિર રાખી કરવી. સ્થિર મનથી કરેલી માળા ફળશે. આપણું મન છે તેજ મુક્તિ અને બંધનનું કારણ છે. સુખ અને દુઃખનું કારણ છે. બિલાડી આપણા ઘરમાં આવે છે. અને આપણા ઘરમાંથી ઉંદર લઈ જાય છે. તો આપણને દુઃખ નથી થતું પરંતુ પાળેલા પોપટને લઈ જાય તો દુઃખ થાય છે. કેમ કે પોપટ પ્રત્યે આપણને મોહ અને માયા છે. તો મોહ અને માયા છે તે જ આપણને માર ખવડાવે છે. અને જેમ પાણીથી કાદવ પણ થાય છે અને પાણીથી કાદવ સાફ પણ થાય છે. તેમ આપણું મન છે ને તે પાણી જેવું છે. પાણીને નીચેથી તરફ વહાવવું હોય તો મહેનત નથી પડતી. પરંતુ જો પાણીને ઉપરની તરફ લઈ જવું હોય તો તેના માટે પ્રયત્ન કરવો પડે છે. યંત્રની જરૂર પડે છે. તેમ મનને સંસારના વિષયો તરફ લઈ જવું હોય તો મહેનત નથી પડતી. પરંતુ મનને પરમાત્મા તરફ ઉપર લઈ જવું હોય તો મહેનત કરવી પડે છે. મંત્રની જરૂર પડે છે. એક પ્રચલિત ઉદાહરણ છે. એક રાજા હતા. તેણે જાહેર કર્યું કે અહીંયાથી બકરાને લઈ જઈને પેટ ભરીને ઘાસ ખવડાવવાનું. જે બકરાને ભૂખ્યું નહિ રાખે તેને ઈનામ આપવામાં આવશે. તો બધા વારાફરતી બકરાને લઈ જાય છે. અને પેટ ભરીને ઘાસ ખવડાવે છે. અને રાજા પાસે સાંજે લઈ આવે છે. ત્યારે રાજા બકરા પાસે ઘાસ મૂકાવે છે. એટલે બકરો ઘાસમાં મોઢુ નાખે છે. એટલે રાજા કહે છે કે તમે પેટ ભરીને ઘાસ ખવડાવ્યું નથી. બકરો ભૂખ્યો છે. પછી એક દિવસ એક ગરીબ માણસનો વારો આવે છે. તો તે માણસ વિચાર કરે છે કે રાજાએ જાહેરાત કરી છે. માટે તેમાં જરૂર કાંઈક તથ્ય હોવું જોઈએ. એટલે તે માણસે નક્કી કર્યું, બકરાના મોઢા આગળ ઘાસ મૂક્યું અને બકરો ઘાસમાં મોઢું નાખવા જાય એટલે તરતજ મોઢા પર લાકડી મારે. આખો દિવસ આવી પ્રેકટીસ કરી. પછી સાંજે બકરાને લઈને રાજા પાસે જાય છે. અને બકરા પાસે ઘાસ મૂકે છે. બકરાને બીક લાગી કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે. માટે બકરાએ મોઢુ નાખ્યું નહિ. તો કહેવાનો અર્થ છે કે મનને તમે સંસાર સંબંધી ગમે તેટલો ખોરાક આપશો તો પણ મન ધરાશે નહિ. મનની માંગણીઓ વધતી જ જશે. કેમ કે પંચ જ્ઞાનેન્દ્રિયોનું કેન્દ્ર બિંદુ મન છે. માટે મનને સાચવીને રાખવાનું છે. આપણે ધન-દોલત બધું સાચવીએ છીએ. પરંતુ મનને સાચવતા નથી. માટે મનને સાચવીને સમજ દ્વારા મનની ગતિને રોકવાની નથી. પરંતુ માત્ર દિશા બદલવાની છે. જેમ તાળાને ખોલવા અને બંધ કરવા માટે એક જ ચાવીની જરૂર હોય છે. માત્ર તેની દિશા અલગ હોય છે. તેમ જગતના વિષયોમાંથી મનની આસક્તિ ઓછી કરીને પરમાત્મા તરફ ગતિ વધારવાની છે. સંસારનો પ્રત્યેક પદાર્થ નાશવંત છે. તેથી તેની સાથે બાંધેલું મમત્વ દુઃખદાયી હોય છે. સૃષ્ટિમાં સાચું સુખ પરમાત્મા શ્રીહરિ કે જે શાશ્વત છે. તેની સાથે સંબંધ બાંધવાથી જ મળે છે. માટે ભૌતિક સપાટી પર તમારાથી કોઈ વધારે ચડિયાતા હોય તેની સાથે તમારી સરખામણી નહિ કરવાની. તમે તેમ કરશો તો તમને દુઃખ થશે અને તમને તેની સાથે ઈર્ષા થશે. હરિફાઈ કરવાનું મન થશે. તમારા જીવનમાં દુર્ગુણો વધશે. અને આધ્યાત્મિક સપાટીએ કોઈ તમારાથી ચડિયાતા હોય તેની સાથે તમારી તુલના કરશો તો તમારા જીવનમાં સુખ અને સદ્ગુણો વધશે. પરંતુ જગતના વિષયોમાં અને જગતના નાશવંત પદાર્થને પ્રાપ્ત કરવામાં માણસ પોતાની શક્તિ ગુમાવી દે છે. પરંતુ જગતના સાધન, સંપત્તિ, વૈભવ છે તે જીવવા માટે છે. જીતવા માટે નથી. જીંદગીને જીતવા માટે પરમાત્માની જરૂર છે. માટે આપણે પરમાત્મા સુધી પહોંચવાની રફતાર વધારવાની છે. આપણો પરમાત્મા તરફ જવાનો વેગ મંદ છે. કારણ કે આપણે તે કામને પ્રથમ સ્થાન નથી આપતા. પહેલા આટલું કામ કરી લઈએ, આ કામ પતાવી દઈએ પછી શાંતિથી ભગવાનનું ભજન કરીશું. માટે જે વ્યક્તિ જીવનમાં ભગવાનના ભજનને પ્રથમ સ્થાન નથી આપતી તે ક્યારેય ભગવાન સુધી નથી પહોંચતી. આ દુનિયામાં અડચણોનો તો ક્યારેય પાર નથી આવવાનો. માટે આપણી પાસે બચેલો જે સમય હોય તે સમયમાં પહોંચી શકાય તેવો વેગ રાખવો જોઈએ. આપણે ક્યાંક જલ્દી પહોંચવું હોય તો શું કરીએ છીએ ? ગાડીની ઝડપ વધારીએ છીએ ને ? તેમ ઝડપ વધારશો તો ગાડી આગળ થશે. કાળ, કર્મ અને માયાના વેગથી ભક્ત બંધાયેલો છે. તેને માત્ર ભગવાન જ છોડાવી શકે છે. પરંતુ પરમાત્માના થવું પડે છે. પરમાત્માએ બતાવેલી મર્યાદા પ્રમાણે રહેવું પડે છે.

●

### સ્વામી શ્રીસહજાનંદ

- સાંખ્યયોગી કંચનબા (ધ્રાંગધ્રા)

આપણે ગત અંકમાં વાચ્યું કે સ્વામી શ્રીસહજાનંદે ગાદી સંભાળતા જ ધર્મના પાયામાંથી જ પરિવર્તન કર્યું. સંતોના મંડળ બાંધી ધર્મ જાગૃતિ માટે તેમને ગામો ગામ મોકલ્યા. સંતોને ખૂબ કડક નિયમો પણ આપ્યા. આહાર સંબંધી નિયમ દૃઢતા પૂર્વક પળાવ્યા. ગમે તે સંજોગોમાં ક્ષમા રાખવી અને માર ખાઈને પણ મારનારને આશીર્વાદ આપવાનું સંતોને કહ્યું.

વળી સહજાનંદ સ્વામીએ વિચાર્યું : 'ઘણા જીવોનું કલ્યાણ થાય એવું વિશેષ કાંઈ કરવું જોઈએ.' તે પછી પોતે અન્નક્ષેત્રો ખોલી મુમુક્ષુ જીવોને આકર્ષ્યા. લોજ, માંગરોળ, માણાવદર, અગતરાઈ, સરધાર, ધોરાજી, ભાડેર, નવાનગર, ભુજ, ફણેણી, સાંકળી, જામવાળી, માણેકવાડ, મેથાણ, કોટડા, કારિયાણી, ગઢડા, જેતપુર, અમદાવાદ તથા જેતલપુર ઈત્યાદિ સ્થળોમાં સદાવ્રતો બાંધી અનંત જીવોને પોતાના સ્વરૂપનો સંબંધ કરાવી પાવન કર્યા. સ્થળે સ્થળે સદાવ્રત અન્નક્ષેત્રો ઉઘાડવા પાછળ એવો પવિત્ર હેતુ હતો કે, સદાવ્રત લેવા નિમિત્તે ઘણા મનુષ્યો આવે તેમાંથી જે મુમુક્ષુ હોય તેને પ્રકટ પ્રભુનો સંબંધ થતા ક્રમશઃ તે પરમપદ પામે.

શ્રીહરિએ લીધેલા દૂરંદેશી નિર્ણયોનું ફળ આજે પણ આપણો ધર્મસમાજ માણી રહ્યો છે. તેમના એક એક લીલા-ચરિત્ર અને નિર્ણય પાછળ અડીખમ ધર્મ ઉભો કરવાનું હિત સમાયેલુ હતું. આજે આપણો ધર્મ જે પ્રખરતાએ પહોંચ્યો છે, તે ધર્મના પાયાની ઈંટ પ્રગટ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીએ ગોઠવી છે. આપણા આચાર્ય મહારાજશ્રીઓ દ્વારા આપણા ધર્મની ઈમારત આજે ખૂબજ મજબૂત બની છે. આ પ્રમાણે સ્વામી સહજાનંદજીએ સત્સંગના મહાન ભાવિનું નિર્માણ કર્યું, અને તે માટે અદ્‌ભુત પ્રાણશક્તિની યોજના કરતા હતા.

શ્રીહરિ પોતે દૈવી વિભૂતીઓના સ્વામી હતા, યોગમા પારંગત હતા અને સકળ સંસારમાં દિવ્યતા ઉતરે એ માટે એમનો અવિરામ પુરુષાર્થ હતો. પ્રભુની અદ્‌ભુત શક્તિએ તેમના પુરુષાર્થને પરમ બનાવ્યો. તેમની આંખોમાં અપાર કરુણા હતી. વાણીમાં અક્ષય અમૃત હતું. અને એમનું સમગ્ર જીવન પ્રેમ ઝલકથી ઝળકી રહ્યું હતું. આવા વિભૂતીમાન પુરુષનું દર્શન થતા ગમે તે માણસ એમના પ્રત્યે ખેંચાય એ સ્વાભાવિક છે. શ્રીહરિના એ બધા ગુણો આજે પણ આપણે પૂર્વ આચાર્ય મહારાજશ્રી, વર્તમાન આચાર્ય મહારાજશ્રી અને ભાવિ આચાર્ય મહારાજશ્રીમાં જોઈ શકીએ છીએ.

વળી સ્વામી સહજાનંદે સમાધિ પ્રકરણ ચલાવ્યું તે જીવોને ચમત્કાર બતાવી સ્વ સંપ્રદાયમાં ખેંચવા માટે નહી, પરંતુ સ્વસ્વરૂપનો નિશ્ચય કરાવવા પુરતું હતું. ખૂબજ ધીરજ, અદબ અને નિર્દોષતા સહિત ચલાવેલા સમાધિ પ્રકરણમાં ઘણા બધા મુમુક્ષુજનોએ શ્રીહરિનો સાક્ષાત્કાર અનુભવ્યો. તે સાક્ષાત્કાર સંબંધી પ્રભુ એમ કહે છે જે, ભગવાનની મૂર્તિ તે રાજારૂપે છે ને સાધુરુપે છે, તે મૂર્તિનું જ્યારે જે જીવ શ્રધ્ધાએ કરી દર્શન કરે છે ત્યારે તેની ઈંદ્રિયો ભગવાન સામી ચમકપાણ (લોહચુંબક)ની જેમ તણાઈ જાય છે. ત્યારે સમાધિ થાય છે. અને કોઈક સમયમાં ભગવાનને ઘણાક અભક્ત જીવને પોતાને સન્મુખ કરવા હોય ત્યારે તો અભક્ત જીવ હોય અથવા પશુ હોય, તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે.

સમાધિ પાપીઓને પણ લાગે છે ખરી ? એ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજી મહારાજ સમજાવે છે કે ધર્મશાસ્ત્રમાં આપણા વર્ણાશ્રમના જે ધર્મ કહ્યા છે, તે થકી કોઈ ના રહેતુ હોય તો તેને લોકો કુપાત્ર જાણે છે, પરંતુ તેને ભગવાન કે ભગવાનના સંતોનો જો હૈયામાં ગુણ આવે તો તેને પૂણ્ય થાય છે. અને પાપ નષ્ટ થાય છે. પરંતુ જો કોઈ ધર્મમા અને વર્ણાશ્રમમાં રહેતો હોય અને ભગવાન કે ભગવાનના સંતોનો દ્રોહ કરે તો તેનું એવું પાપ લાગે છે જે, ધર્મ અને વર્ણાશ્રમના નિયમોના પુણ્યને પણ બાળીને ભસ્મ કરી નાખે છે. અને તેને કોઈ કાળે ભગવાનના દર્શન હૃદયને વિશે થાય જ નહી. માટે જેને વિમુખ જીવ પાપી જાણે છે, તે પાપી નથી અને જેને વિમુખ ધર્મી જાણે છે તે ધર્મી નથી.

આપણા પ્રભુને સમજવા માટે તો આ જન્મારો પણ ઓછો પડે, પરંતુ સતત શ્રીહરિની વાતો ને કાર્યોનું સતત મનન અને ચિંતન કરતા કરતા આપણે સૌ શ્રીહરિના સાનિધ્યમાં આપણું સ્થાન મજબુત બનાવવા જઈશું. પ્રભુએ આપેલા નિયમો પાળીને આપણા ધર્મનો અને જીવનનો પાયો મજબૂત બનાવીએ. (ક્રમશઃ)

●

### શ્રદ્ધાની સર્વોપરિતા

- સાંખ્યયોગી કુંદનબા ગુરુ કંચનબા (મેડા)

હે ભક્તો ! ધર્મને વૃદ્ધિ પમાડનાર તથા પ્રાપ્તિ કરાવનાર સર્વશ્રેષ્ઠ સાધન શ્રધ્ધા છે. શ્રદ્ધા વિનાની વ્યક્તિને ક્યારેયપણ ધર્મની પ્રાપ્તિ થતી નથી. શરીરને તપ કરી સુકવી નાખીને કે પછી ઘણા ધનને સારા માર્ગે વાપરવાથી ધર્મની પ્રાપ્તિ થતી નથી, તે માટે તો શ્રધ્ધાની જ અનિવાર્ય જરૂર છે. શ્રધ્ધા છે તે માતાને સ્થાને છે. જેમ માતા બાળકને, પાલન-પોષણ કરીને મોટો કરે છે. તેમ શ્રધ્ધાપણ ધર્મનું પોષણ કરી તેને વૃદ્ધિ પમાડે છે. તેમજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેમનું પણ સર્વોત્તમ સાધન શ્રધ્ધા જ છે.

હે ભક્તો ! શ્રીજી મહારાજ શ્રધ્ધાને પોષણ આપતા સા.ના ૧૮ માં વચનામૃતમાં કહે છે કે - ''જે શ્રધ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રધ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન અને ભક્તિ આદિક કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે. અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.'' તથા ગ.મ.પ્ર.ના ચોથા વ.માં. શ્રીહરિએ કહ્યું છે કે - ''અખંડ ચિંતવન થાય એવી શ્રદ્ધા જોઈએ. અને જ્યારે એવી શ્રદ્ધા હોય તો જ અખંડ ચિંતવન થાય છે. ગ.મ.ના ૧૬ માં

વ.માં. પણ શ્રીહરિએ કહ્યું છે કે જે ''જેને મંદ શ્રદ્ધા હોય તેને તો ઘણેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે. અને જેને બળવાન શ્રધ્ધા હોય તે તો તત્કાળ સિદ્ધ થાય છે. જેમ કોઈ પુરુષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલા ચાલતો હોય તેને તો કાશીએ જતા બહુ દિવસો લાગે અને જે વીસ વીસ ગાઉ ચાલવા માંડે તો તે અહીંથી થોડાક દિવસમાં જ પહોંચે. તેમ જેને શ્રધ્ધા બળવાન છે તે તો હમણાં તરત સત્સંગી થયો હોય તો પણ અતિશય સરસ થઈ જાય છે. અને જેને શ્રદ્ધા મંદ હોય તે તો ઘણા કાળથી સત્સંગી થયો હોય તો પણ લોચો પોચો રહે છે.

હે ભક્તો ! શ્રદ્ધાહિન મનુષ્યની મોક્ષકારક સાધનોમાં પ્રવૃત્તિ થતી નથી. શ્રદ્ધા એટલે વિશ્વાસ એવો સામાન્ય રીતે અર્થ કરાય છે. પરંતુ વિશ્વાસ અને શ્રદ્ધાએ બન્ને શબ્દો ઘણે સ્થળે જુદાં જુદાં અર્થમાં વપરાયેલા હોય છે, તો પછી તેના અર્થમાં સો તફાવત છે તે જોઈએ. કોઈપણ આધ્યાત્મિક સત્કર્મમાં શરૂઆતથી તે સિધ્ધિ પર્યંત ત્રણ વસ્તુની જરૂર પડે છે. એક પ્રીતિ બીજો વિશ્વાસ અને ત્રીજી શ્રધ્ધા. જેમાં આપણને પ્રીતિ હોય તેનું નામ સાંભળી આપણે તુરંત તેની પાસે જઈએ છીએ. અને તેનો વિશ્વાસ હોય તો તેનું કહેલું સત્ય મનાય છે. પરંતુ શ્રધ્ધા ન હોય તો, તે જે કહે તે પ્રમાણે વર્તન થાય નહિ. આને મળતો જ અર્થ સત્સંગિ જીવનના બીજા પ્રકરણના ૧૦ માં અધ્યાયમાં કર્યો છે કે ''શાસ્ત્રમાં કહેલા મોક્ષકારક સત્કર્મો વિશ્વાસપૂર્વક કરી લેવાની જે ઉતાવળ તેને જ શ્રધ્ધા કહેવામાં આવે છે.'' પ્રીતિથી સમીપે જવાય છે. વિશ્વાસથી સંશય રહિત થવાય છે અને શ્રધ્ધાથી તરત જ આચરણમાં મૂકી શકાય છે. હે ભક્તો ! શ્રદ્ધાની સર્વોપરીતા સમજાવતાં વિહારીલાલજી મહારાજ કહે છે કે ''જે ભક્તોને સંપૂર્ણ શ્રધ્ધા અંતઃકરણમાં હોય છે તે જ ઉત્તમ ભક્ત કહેવાય છે. જે ભક્ત શ્રદ્ધા વિના બીજાના કહેવાથી પૂજન કરે છે તો તેમને પૂજાનું પુરૂં ફળ મળતું નથી. તથા શ્રદ્ધા વગર માળા ફેરવીને ભગવાનના નામનો જપ કરે છે તો તેને રાજાને ત્યાં વેઠ્ય કરતાં મજુરો સમાન જાણવો. શ્રધ્ધા વિનાનો કોઈ માણસ બીજાના કહેવાથી ઉપવાસ કરે તો તેને ઢોર લાંઘણ કહેવાય છે. એટલે કે પશુને સવારથી ખીલે બાંધી રાખીને સાંજ સુધી અન્ન-જળ આપીએ નહિ તેથી તેને ઢોર-લાંઘણ કહેવાય. જે વ્યક્તિ ને શ્રધ્ધા ન હોય પરંતુ લોક-લાજે કરીને દાન કરે, ને પછી પસ્તાય કે દાન ન દીધું હોત તો સારું હતું. તો તેવા લોકોને ફળ મળતું નથી.

કોઈ વ્યક્તિ પાસે લાખો રૂપિયા હોય પરંતુ શ્રધ્ધા ન હોય તો તે ધર્માદામાં કંઈપણ આપતો નથી. પછી તેનું ધન મધમાખીઓના મધની જેમ બીજા લોકો વાપરે છે. શ્રધ્ધાવાળો ભક્ત છે તે તો આ લોકની તમામ સંપત્તિ તુચ્છ ગણીને પ્રભુને અર્પણ કરી દે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે - શ્રધ્ધાવાન માણસ ધારે તે કામ કરી શકે છે.''

ઉત્તર ગુજરાતમાં ઊંઝા નામનું ગામ આવેલું છે. તે ગામમાં ઉદેકુંવર (જેકુંવર) નામના એક સારાં સત્સંગી બહેન થઈ ગયા. એકવાર શ્રીજી મહારાજ તેમને ઘેર દિવ્યરૂપે પધાર્યા, ત્યારે તે બહેન રસોઈ બનાવતાં હતાં તેથી મહારાજ બહાર ઓસરીમાં જ બેઠા રહ્યાં. ઘણીવાર પછી ઉદેકુંવરબા બહાર આવ્યાં, ત્યાં તો મહારાજને જોયા તેથી ગાંડા-ઘેલા બની ગયાં. અને રાજી રાજી થઈ ગયાં. પછી મહારાજે તેમને પૂછ્યું : હે ઉદેકુંવર ! તમારે રસોઈ કરતાં દરરોજ આટલી બધી વાર લાગે છે ? ત્યારે તેઓ બોલ્યા : ''હા મહારાજ, વાર તો બહુ લાગે છે. પછી મહારાજે કહ્યું : રસોઈ કરતાં આટલો બધા સમય કરો છો ! ત્યારે ભજન ક્યારે કરો છો ?'' ત્યારે તે બહેન બોલ્યા : ''હે મહારાજ ! ભજન તો ઓછું થાય છે. હવે તમે કહો તેમ કરું.'' ત્યારે મહારાજ બોલ્યા : કાલથી તમારે ફક્ત એક શીધોંડું ખાવું અને રસોઈ બનાવવી નહીં. તેમજ બીજું કાંઈપણ ખાવું નહિ. તુરંત જેકુંવર બા મહારાજની આજ્ઞા પ્રમાણે દરરોજ ફક્ત એક શીંધોડું ખાઈને રહેવા લાગ્યાં. ઉદેકુંવરબાને શ્રીજીમહારાજ સાથે હેત હતું તેના કારણે મહારાજે એક શીધોડું ખાવાનું કહ્યું એટલે વિશ્વાસ આવી ગયો કે - ''મહારાજ કહે છે એટલે જરૂર રહી શકાય. આ રીતે સત્ય મનાઈ ગયું એટલે વિશ્વાસ આવી ગયો કહેવાય. પરંતુ શ્રધ્ધા આવી ન કહેવાય. પછી બીજા જ દિવસથી તે વચનને આચરણમાં લાવી એક શીંઘોડું ખાઈને રહેવાનું ચાલુ કરી દીધું. તેથી શ્રધ્ધા આવી ગઈ કહેવાય.

એકવાર મહારાષ્ટ્રમાં ભયંકર દુષ્કાળ પડ્યો. વરસાદ બિલકુલ વરસ્યો નહિ, તેના કારણે પશુઓ અને મનુષ્યો પાણી વિના પરેશાન થવા લાગ્યા. આવી મુશ્કેલી જોઈને એક ગામના લોકોએ નક્કી કર્યું કે ''નાના મોટા સર્વેએ મળીને મંદિરમાં જઈ પ્રભુને પ્રાર્થના કરવી તેથી પ્રભુ વરસાદ વરસાવે.'' આ રીતે નક્કી કરી સૌ નરનારીઓ મંદિર તરફ આવવા લાગ્યા. તે સમયે એક નાનો બાળક છત્રી લઈને મંદિરે આવ્યો. તેને જોઈને બીજા લોકો મશ્કરી કરવા લાગ્યા અને છત્રી લાવવાનું કારણ પૂછ્યું. ત્યારે બાળકે સુંદર જવાબ આપતા કહ્યું કે - વરસાદ થાય તે માટે હું ભગવાન પાસે પ્રાર્થના કરવા આવ્યો છું. હું પ્રાર્થના કરીશ એટલે તુરંત ભગવાન વરસાદ વરસાવશે. એવી મને ભગવાનમાં સંપૂર્ણ શ્રધ્ધા છે. વરસાદ આવશે ત્યાર પછી ઘેર જતાં હું રસ્તામાં પલળી ન જાઉં તે માટે છત્રી લઈને આવ્યો છું. આવી બાળકની શ્રધ્ધા જોઈને ભગવાને વરસાદ વરસાવ્યો. તે જોઈને લોકો આશ્ચર્ય પામી ગયા.

એક ભીલ જ્ઞાતિની શબરીબાઈની અડગ શ્રધ્ધા જોઈને ભગવાન શ્રીરામ મુનિઓના આશ્રમો છોડીને શબરીબાઈને દર્શન દેવા પધાર્યા હતા. સતી પાર્વતીજીની અડગ શ્રધ્ધા જોઈને શિવજીએ તેમની સાથે લગ્ન કર્યા હતા. હે ભક્તો ! શ્રધ્ધાથી જ સર્વ કાર્ય સિધ્ધ થાય છે.

હે વ્હાલા ભક્તો ! આપણે સૌ શ્રી નરનારાયણદેવના ચરણોમાં તથા આપણા લાડીલા ગુરુજી પ.પૂ. ગાદીવાળાશ્રીના ચરણોમાં પ્રાર્થના કરીએ કે આપણને ભગવાનની ભક્તિ અને ધર્મ પાળવામાં આવી અડગ અને

અતૂટ શ્રધ્ધા પ્રાપ્ત થાય એવા આશીર્વાદ આપે અને અમારા ઉપર રાજી રહે.

●

### વડનગરમાં શ્રીહરિએ કરેલી અદ્‌ભુત લીલા

- એક હરિભક્ત બહેન

ઊંઝાથી મહેસાણા થઈ રેલ્વે જાય છે. તેમાં વડનગર રેલ્વે સ્ટેશન આવે છે. મહેસાણા જીલ્લાના ખેરાળું તાલુકાનું વડનગર શહેર છે. આ શહેર પ્રાચીન કિલ્લાં બંધ ઉંચાણ જમીન પર વસેલું છે.

અહીં મંદિર સુંદર અને હવેલી ઘાટનું છે. દક્ષિણ દા બારનું છે. અને સુંદર દેખાવવાળું છે. લાલજી મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રસાદીની છે. તે મૂર્તિ પરમપૂજ્ય આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે સં. ૧૯૨૪ માં પૂજવા માટે આપી હતી. જે હવેલી ઘાટના મંદિરમાં છે. સં. ૨૦૧૭ના જેઠ વદી એકાદશીના દિવસે શ્રી હરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરેલી છે.

આ ગામમાં શ્રીહરિ ઘણી વખત પધારેલા છે. તેથી આ ભૂમિ ઘણી પાવન છે. સ્ટેશનથી ઉતરીને શહેરમાં જતા દરવાજાની આગળ નીચાણના ભાગમાં નાગર બ્રાહ્મણોનું પ્રાચીન મોટું હાટકેશ્વર મહાદેવનું દેવાલય છે. તે ઘણું ઉચ્ચું અને સુંદર કોતરણી વાળું અને જોવા લાયક છે. ત્યાં શ્રીહરિ ઘણી વખત પધારતા અને શ્રીહરિએ ત્યાં દર્શન કરેલા છે. તેથી તે હાટકેશ્વર પ્રસાદીનું છે. ઉગમણી તરફ વિશાળ ઉડું સમિરા (શર્મિષ્ઠા) નામનું મહાન સરોવર છે. તે ગામની લગોલગ હોવાથી જેમ કાશી ગંગા તટ ઉપર શોભે છે તેમ શોભે છે. તેમાં શ્રીહરિએ સ્નાન કરેલું છે. તે તળાવની ઉત્તર દિશામાં ગરનાળા પાસે મોટો નાગધરો છે. તે પથ્થરથી ચારેબાજુ બાંધેલો છે. તેના કિનારે નાગદેવની દેરી છે. તેમાં શ્રીહરિએ પરમહંસો સહિત સ્નાન કરેલું છે. તેમાં ચરણારવિંદ પધરાવ્યા છે. તેમાં ગણપતિ હનુમાનજી, શંકર પાર્વતીની દેરીઓ છે. અહીં શ્રીહરિએ ત્રણ માસ રહી બ્રાહ્મણોને જમાડેલા.

વડનગરમાં શ્રીહરિ : દંઢાવ્ય દેશમાં આવેલા સુપ્રસિધ્ધ આ ગામમાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન પોતાના સંતો પાર્ષદો સહિત અનેકવાર પધાર્યા છે. અને ત્યાંની ભૂમિને પવિત્ર કરેલી છે. અને સાથે અનેક લીલાઓ કરી છે. અનેક પરચાઓ આપી અધર્મનો નાશ કરી પોતાના ભક્તોની રક્ષા પણ કરી છે. જ્યારે જ્યારે પ્રભુ વિસનગર પધારતા ત્યારે વડનગરમાં અવશ્ય પધારતા . અને ભક્તોના ભાવ પૂર્ણ કરતા હતા. વડનગરમાં આવેલા સરોવર ઉપર શ્રીહરિ ઘણીવાર સભા કરીને બેસતા. ઘણીવાર સ્નાન કરતા. એકવાર વડનગરમાં ભક્તોનું આમંત્રણ હતું ત્યારે પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાને બન્ને ગામના ભક્તોનો ભાવ પૂરો કરી એક સાથે દર્શન દીધા હતા.

●

### ચાંલ્લાં - તિલકનું શું મહત્વ છે ?

- પટેલ નિશા વિષ્ણુભાઈ (ગુલાબપુરાવાળા)

અંબરીષ મહારાજા હતા. એ પોતાની રિધ્ધિ-સિધ્ધિ પ્રમાણે રાજ્ય ચલાવતા અને ભગવાનની ભક્તિ કરતા. મહારાજ અંબરીષ ભગવાનનું મંદિરે જાતે વાળતા. પ્રભુ મંદિર લીંપવાનું હોય તો ગાયનું છાણ લાવીને જાતે લીંપતા. શું એને ત્યાં નોકરો નહીં હોય ? પણ નહીં, આ સેવા તો મારે જ કરવાની. એક દિવસે રાજા અંબરીષ સવારના ગંગા સ્નાન કરીને આવતા હતા. ધોતિયું પહેરેલું હતું. સૂર્યોદય પહેલાનો સમય. કોઈ વૃધ્ધ માજી છાણનો ટોપલો ભરીને બેઠેલાં છે. કોઈ આવે તો જરા કહું કે આ ટોપલો માથા ઉપર મૂકાવે. ત્યાં આ અંબરીષ સ્નાન કરીને ચાલ્યા આવે છે. ધોતિયું, તિલક જોઈને પેલાં વૃધ્ધ માજીએ ઓળખ્યા નહીં. એમણે માન્યું કે કોઈ ભગત જીવ આવે છે. એટલે કહે છે. ભગત, જરા આ ટોપલો ચડાવશો ? અંબરીષ ને આનંદ આનંદ થઈ ગયો. મારો તિલક-ચાંદલો જોઈને આ માજીનું સરનામું પણ જાણી લીધું. નાહી ધોઈ પૂજા-પાઠ કરી બપોરના સમયે રાજવી પહેરવેશમાં કચેરીમાં આવીને અંબરીષ રાજા બેઠા અને તરત જ કહ્યું કે આપણા શહેરમાં અમુક જગ્યાએ એક માજી રહે છે તેને સન્માન પૂર્વક બોલાવી લાવો. આજ્ઞા પ્રમાણે સિપાઈઓ પાલખીમાં બેસાડીને આ ડોશીમાને રાજ કચેરીમાં લાવ્યા. માજીને હજુ મોતિયા આવેલા નહી એટલે તરત જ એમણે જોઈ લીધું અને ખૂબ જ ગભરાયાં કે સવારનો ટોપલો ઉપડાવાનું કહ્યું હતું એ આ મહારાજ પોતે જ હતા ! હવે મને હમણાં જ ફાંસીની સજા થશે. ડોશીમા તો હનુમાનજીને સંભારવા માંડ્યા. હે હનુમાન દાદા ! રક્ષા કરજો. ક્યાં આ કષ્ટ આવી પડ્યું. આજ સવારના આને મેં ક્યાં ટોપલો ચડાવવાનું કહ્યું ! પણ ત્યાં તો દીવાન સાહેબ ઉભા થયા. એક કાગળિયામાં સહી-સિક્કા કર્યા. રાજાએ એમાં સહી કરી અને દીવાને કાગળિયું કચેરીમાં વાંચી સંભળાવ્યુ કે આજ સવારના સુપ્રભાતમાં આપણા ગામના રહેવાસી આ માજીએ મહારાજને ભક્ત કહીને સંબોધ્યા એની ખુશાલીમાં મહારાજ પાંચ ગામ માજીને બક્ષિસમાં આપે છે. અંબરીષ રાજાને કોઈએ ભક્ત કહ્યાં એમાં આટલો બધો આનંદ થઈ ગયો. આજે આપણે તિલક-ચાંદલો કરીને બહાર નીકળીએ ને કોઈ કહે, ભગત ! જરા ઉભા રહો તો. તો કેવું લાગે ? બીજા દિવસથી ચાંદલાની સાઈઝ નાની થઈ જાય અથવા તો બંધ થઈ જાય. એક સામાજિક ઉદાહરણ સાંભળો. કોઈ કન્યાનાં લગ્ન થયા પછી કહે કે હું આ બંગડી નહી પહેરુ. હું કાને કે નાકે કશું નહી રાખું. આવા સૌભાગ્યો ચિન્હો રાખતાં શરમ આવે તેને કેવી સમજવી ? લગ્ન કર્યા પછી જાહેર રીતે આ મારો પતિ છે એમ સ્વીકારવામાં સંકોચ શાનો ? શરમ શાની ? એમ પરમાત્માને શરણે ગયાં પછી હું ભગવાનનો ભક્ત છું એમ બીજા સામે કહેવામાં સંકોચ શાનો ! એક વાર નહીં, હું લાખ વાર ભગવાનનો ભક્ત છું. એમ કહેવામાં શંકા શાની !

# પ્રશ્નપેટી

**સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)**

**પ્ર. : ૧** ભગવાનના પાંચ સ્વરૂપો શાસ્ત્રમાં કહ્યા છે. તે ક્યા પાંચ સ્વરૂપો તેના નામ જણાવો ?

**પ્ર. : ૨** નિયમ, નિશ્ચિય અને પક્ષ એ ત્રણ વાનાં જેમાં હોય તેને પાકો સત્સંગી જાણવો. શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કહ્યું છે ?

**પ્ર. : ૩** શ્રીજી મહારાજે રણછોડભગતનાં કીર્તનોને પસંદ કર્યા અને કહ્યું કે રણછોડ ભગતનાં જેવા કીર્તનો હોય તેવા કવિઓનાં કીર્તન ગાવા તે રણછોડ ભગત ક્યા ગામનાં હતાં ?

**પ્ર. : ૪** શ્રી સ્વામિનારાયણ ભગવાન સંતો સાથે સૌરાષ્ટ્રમાં કાળુભાર નદીનાં કાંઠે એક પથ્થર ઉપર બિરાજમાન હતા. સંતોએ કહ્યું, ''કૃષ્ણ અવતારમાં આપે મધુર વાંસળી વગાડી હતી તો તેવી વાંસળીનો મધુર નાદ અમને સંભળાવો.'' ભગવાને હાથમાં વાંસળી લઈને વગાડી. તો તે વાંસળી હાલમાં સ્વામિનારાયણ મ્યુઝિયમનાં ક્યા નંબરના હોલમાં દર્શન આપે છે

**પ્ર. : ૫** ભગવાન રામચંદ્રજી સહિત ચાર ભાઈઓની પત્નીઓનું નામ શું હતું ?

**પ્ર. : ૬** વચનામૃત પ્રમાણે બે પ્રકારની સમાધિ કહી છે. સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ એટલે શું ?

**પ્ર. : ૭** ધર્મદેવના ત્રણ પ્રવરનાં નામ જણાવો.

## ઓગસ્ટ-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** (૧) દૈહિક શૌચ (૨) માનસિક શૌચ (૩) આધ્યાત્મિક શૌચ. **(૨)** (૧) એક દેહનો જે ભુંડું કરે અને બીજો (૨) ભગવાન સંબંધી જે મોક્ષ આપે છે. **(૩)** (૧) જીભથી ભજન કરે તો સ્થૂળ ભાવ જાય. (૨) કંઠથી ભજન કરે તો સૂક્ષ્મ અને સ્થૂળ ભાવ જાય. (૩) હૃદયથી ભજન કરે તો ત્રણે દેહનો નાશ થાય છે. હૃદયથી ભજન સિવાય કારણ શરીરનો નાશ થતો નથી. **(૪)** ભગવાનના સ્વરૂપનું જ્ઞાન એજ સુદર્શન ચક્ર છે. સુદર્શન ચક્રમાં દશ હજાર સૂર્યનો પ્રકાશ છે. પણ જ્ઞાનરૂપી ચક્રમાં તો એવો અતિ દિવ્ય પ્રકાશ છે કે અજ્ઞાન રૂપી અંધારાનો નાશ કરીને ભગવાનના માર્ગે નિર્વિઘ્ને ચલાવે છે માટે કળિકાળમાં જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર વડે ભગવાન પોતાના ભક્તની રક્ષા કરે છે. **(૫)** ''હું શ્રીજી મહારાજના ચરણ દાબું છું.'' **(૬)** (૧) ભક્ષ્ય (૨) ભોજન (૩) લેહય (૪) ચોસ્ય. **(૭)** જેને દૃઢ બ્રહ્મચર્ય હોય ને સર્વે ઈન્દ્રિયો વશ હોય ને વિકારનો હેતુ છતાં અંતઃકરણ નિર્વિકાર રહે તેને યતિ જાણવો.

૧. પટેલ વિનોદ પી. (વહેલાલ)
૨. મોરી હર્ષાબેન વી. (ડેડીયાસણ)
૩. વિશાલ-સાહિત બાળ મંડળ (બાલવા)
૪. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૫. પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૬. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૭. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૮. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૯. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૦. સાં.યો. કોકિલાબા-ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૧. ઘરસભા બહેનો (લુણાવાડા)
૧૨. પટેલ માણેકલબેન મણીલાલ (દહેગામ)
૧૩. પટેલ દિપીકા એચ. (લુણાવાડા)
૧૪. પટેલ રૂપલબેન કંચલનલાલ (લુણાવાડા)
૧૫. પલ્લવીબેન-શકરીબેન (લાંઘણજ)
૧૬. વસંતીબા અને ડઈબેન (લાંઘણજ)
૧૭. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૮. ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૧૯. ઠક્કર રીટાબેન જયેશભાઈ (વસ્ત્રાપુર)
૨૦. પંચાલ વંદના બી. (નારણપુરા)
૨૧. સવિતાબેન રમેશભાઈ (અમદાવાદ)
૨૨. સાં. રંજનબા-નાનીબેન (સ્વા.મંદિર વિરાટનગર)
૨૩. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૨૪. ચૌધરી ભરતભાઈ લવજીભાઈ (બાલવા)
૨૫. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૨૬. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૨૭. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૨૮. સોની નિરાલી-ભારતીબેન (અમદાવાદ)
૨૯. ભાવસાર વીણાબેન રતિલાલ (અમદાવાદ)
૩૦. ભાવસાર અરવિંદાબેન એન. (અમદાવાદ)
૩૧. સાં. મંજુબા-ભારતીબા (હવેલી અમદાવાદ)
૩૨. સાં. કંચનબા-હિરાબા-ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૩. સાં. શિતલબા-શિલ્પાબા (હવેલી અમદાવાદ)
૩૪. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૩૫. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૬. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૩૭. ચંદ્રપ્રકાશ સ્વામી (માણસા)
૩૮. પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૩૯. સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (માણસા)
૪૦. પટેલ જયંતીભાઈ હિરાભાઈ (વહેલાલ)
૪૧. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૪૨. ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૪૩. અડાલજા કંચનબેન-તૃપ્તિબેન (રતનપર)
૪૪. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૪૫. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૪૬. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૪૭. વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)
૪૮. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)

# સત્સંગ સમાચાર

### શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અધિક માસના ઉત્સવોની ધામધૂમથી ઉજવણી

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં અધિક પુરુષોત્તમ માસના પ્રારંભથી વર્ષમાં આવતા દરેક ઉત્સવો શ્રધ્ધાળુ ભાવિક હરિભક્તોના યજમાન પદે ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા.

સમગ્ર ઉત્સવમાં કોઠારી પાર્ષદશ્રી દિગંબર ભગત, જે.કે. સ્વામી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, નટુ સ્વામી, બળદેવ સ્વામી, રામ સ્વામી, ચેતન ભગત અને શ્રી પ્રફુલ ખરસાણીની સેવા પ્રસંશનીય હતી. (શા.સ્વા. નારાયણમુનિદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાના ૩૧ માં પાટોત્સવના ઉપલક્ષમાં થયેલી સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ.શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મંદિર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાના આગામી ૩૧ માં પાટોત્સવના ઉપલક્ષમાં કુલ ૩૧ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી અત્યાર સુધી ૧૭ સત્સંગ સભા થઈ છે. આ સભાનું હાર્દ અનેક નવા મુમુક્ષુ બને, વ્યસન મુક્તિ, દશાંશ વિશાંસ ધર્માદો, સમાજપયોગી પ્રેરણાત્મક સેવા જેવા ઉદ્દેશ હોય છે.

૧૧ મી સત્સંગ સભા તા. ૩૦-૬-૧૨ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર ખાતે થઈ હતી. જેમાં પૂ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, પૂ. દેવ સ્વામી, પૂ.પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી) પુરાણી ધર્મજીવન સ્વામી અને શા. કૂંજ વિહારી સ્વામીએ કથા વાર્તા અને કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. જેમાં પ.ભ. હરિભાઈ ભોળાભાઈ અને પ.ભ. ઘનશ્યામભાઈ ભોળાભાઈએ યજમાન બની સભાનો લાભ લીધો હતો. તા. ૧૫-૭-૧૨ ના રોજ ૧૨ મી સત્સંગ સભા કલોલ ગામે થઈ હતી. જેમાં સ.ગુ.શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી) શા. સ્વામી ચેતન સ્વામી, શા. સિધ્ધેશ્વરદાસજી, શા. કુંજવિહારી સ્વામી અને શા. અભય સ્વામીએ કથા વાર્તા-કીર્તન ભક્તિનો સુંદર લાભ આપેલ. જેમાં પ.ભ. ગીરીશભાઈ ડાહ્યાભાઈ ગવાડાવાળા અને પ.ભ. શૈલેષભાઈ ડાહ્યાભાઈ ગવાડાવાળાએ યજમાન બની લાભ લીધો હતો.

૧૩ મી સત્સંગ સભા મુબારકપુર ગામે તા. ૨૧-૭-૧૨ ના રોજ સભા થઈ હતી. જેમાં પૂ.પી.પી. સ્વામી, દેવ સ્વામી (નારણઘાટ મહંતશ્રી) શા. કુંજવિહારી સ્વામી અને શા. સ્વામી દિવ્યપ્રકાશદાસે કથા વાર્તા કરી હતી.

૧૪ મી સત્સંગ સભા માણેકપુર ગામે તા. ૨૮-૭-૧૨ ના રોજ સત્સંગ થયેલ સભામાં પૂ.પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી), શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી, શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને (ભગતજી) આદિ સંત મંડળે દેવ, આચાર્યશ્રીનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

૧૫ મી સત્સંગ સભા રણછોડપુરા ગામે તા. ૧૧-૮-૧૨ ના રોજ સુંદર સત્સંગ સભામાં શા.સ્વા. પી.પી. સ્વામી, શા. સિધ્ધેશ્વરદાસજી, શા. ચેતન સ્વામી અને શા. દિવ્યપ્રકાશદાસજીએ કથાવાર્તા અને કીર્તન ભક્તિનો લાભ આપેલ.

૧૬મી સત્સંગ સભા આનંદપુરા (કુકરવાડા) ગામે તા. ૧૮-૮-૧૨ ના રોજ સત્સંગ સભા થઈ હતી. આ સભામાં સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી), શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને શા. ચેતન સ્વામીએ કથાવાર્તા-કીર્તન ભક્તિ કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

૧૭ મી સત્સંગ સભા ભીમપુરા (વિજાપુર) ગામે તા. ૧૯-૮-૧૨ ના રોજ સત્સંગ સભા થઈ હતી. આ સભામાં સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી, શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને શા.સ્વા. ચેતન સ્વામીએ સુંદર કથા કરીને કીર્તન ભક્તિ કરી હતી. (શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ખાતે શ્રીહરિની કૃપાથી બાલ સ્વરૂપ હનુમાનજી મહારાજના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અનો મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ. હિતેષભાઈ પ્રવિણભાઈ પટેલના માતુશ્રીના શુભ સંકલ્પથી શ્રી હનુમાન ચાલીસા પંચાન્હ પારાયણ તા. ૨૪-૭-૧૨ થી તા. ૨૮-૭-૧૨ પર્યન્ત શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. પ્રારંભ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા પોતાના કૂળદેવતા શ્રી હનુમાનજી દાદાનું માહાત્મ્ય સાથે રૂડા આશીર્વાદ આપ્યા હતા. સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી આદિ સંતો પણ પધાર્યા હતા.

રાત્રી પારાયણમાં અગીયારમાં રૂદ્ર શ્રી હનુમાનજીની કથાનો હજારો ભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ આદિ થયા હતા. સભા સંચાલન શા.સ્વા. ગોપાલચરણદાસજીએ કર્યું હતું. (નરોતમ ભગત)

**જેતલપુરધામમાં અધિક માસમાં ઉત્સવોની પરંપરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય સ.ગુ. શા. પુરુષોતમપ્રકાશદાસજી સ્વામી અને સ.ગુ. મહંતશ્રી કે.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી જેતલપુરધામમાં શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં પવિત્ર અધિક પુરુષોત્તમ માસમાં વર્ષમાં આવતા દરેક ઉત્સવો આખો મહિનો ધામધૂમથી ઉજવાયા હતા. હજારો હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મહંત શા. કે.પી. સ્વામી, શા. સ્વામી ભક્તિનંદનદાસજી, કલોલ મહંતશ્રી વી.પી. સ્વામી, બ્ર.શા. પૂર્ણાનંદજી આદિ સંતોએ સમગ્ર ઉત્સવમાં હરિભક્તોને પ્રેરણા કરી યજમાન બનાવીને ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા.

(જનકભાઈ પટેલ)

**નારણપુરા મંદિરમાં જ્ઞાનસત્ર પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૯-૮-૧૨ થી ૧૫-૮-૧૨ દરમ્યાન ૧૯ માં જ્ઞાન સત્રમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ. શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીના વક્તાપદે અને પ.ભ. શ્રી દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી જમીયતપુરાવાળા) પરિવારના યજમાન પદે થઈ હતી. તેમના સમગ્ર પરિવારે લાભ લીધો હતો. સહ યજમાન પદે પ.ભ. વિનોદભાઈ નગીનદાસ ચૂડગર પરિવાર રહ્યાં હતા.

તા. ૮-૮-૧૨ ના રોજ મુખ્ય યજમાન પ.ભ. શ્રી દશરથભાઈ પટેલના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા ધામધૂમથી વાજતે ગાજતે સંત હરિભક્તોના મોટા સમૂહ સાથે નારણપુરા મંદિર આવી હતી. સમગ્ર ઉત્સવનું આયોજન સ.ગુ.શા.સ્વામી માધવપ્રસાદદાસજીએ વિધિવત રીતે સંભાળ્યું હતું. કથામાં આવતા ઉત્સવો શ્રીહરિનો પ્રાકટ્યોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, ધામધૂમથી ઉજવાયા હતા. શ્રીહરિકૃષ્ણ મહારાજને કેશર સ્નાન-અભિષેક ષોડશોપચાર પૂર્વક થયું હતું. જન્માષ્ટમીના દિને રાત્રે ૧૨ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. અન્નકૂટ ઉત્સવમાં બહેનોએ સુંદર સેવા કરી હતી. દરેક બહેનોએ વિવિધ પ્રકારની સ્વીટ, ફરસાણ પોતાને મન ગમતી વાનગી ઠાકોરજીના અન્નકૂટ માટે ભાવથી લાવ્યા હતા. પારાયણમાં આવતા પ્રસંગમાં પૂ. સંતો, યજમાનો અને હરિભક્તોએ ખૂબજ ઉત્સાહમાં આવીને નાચગાન કરી ભગવાનને રાજી કર્યા હતા. શાસ્ત્રી સ્વામી એ હરિભક્તોને કથા રસમાં તરબોળ કરી નારણપુરાના હરિભક્તોને રાજી રાજી કરી દીધા હતા.

આગામી ૨૦ મી જ્ઞાનસત્ર પારાયણ માટે 'પટેલ પુષ્પાબેન જયંતીલાલ અંબાલાલે (નેશનલ ટાંકી વાળા) ઉત્સવની બોલીમાં શ્રધ્ધા પૂર્વક મુખ્ય યજમાન બનવાનો લાભ સાથે આગામી શાકોત્સવમાં પણ મુખ્ય યજમાનનો લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું છે. ધન્ય છે. આવા ભક્તો ને !

તુલસી વિવાહના યજમાન આપણા નિષ્ઠાવાન પ.ભ. રસિકભાઈ દયાળજીભાઈ સોની તથા પ.ભ. ડૉ. હર્ષદભાઈ ઝિંઝુવાડિયાએ જલઝીલણીના ઠાકોરજીનો રાત્રિ નિવાસ અને પ.ભ. ઘનશ્યામભાઈ ભગવાનદાસ પટેલે (કરજીસણવાળા) (ફુવા) અલૌકિક લાભ લીધો હતો.

જ્ઞાનસત્ર પારાયણ પ્રસંગે જેતલપુરધામથી પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. શા.સ્વા. પી.પી. સ્વામી (મોટા), અમદાવાદ કાલુપુરના પૂ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, બ્ર.પૂ. રાજેશ્વરાનંદજી, જેતલપુર મહંતશ્રી કે.પી. સ્વામી, પૂ. દેવ સ્વામી (મહંતશ્રી નારણઘાટ), પૂ. સ્વામી જગતપ્રકાશદાસજી, વી.પી. સ્વામી, શા. ઘનશ્યામ સ્વામી, મૂળીના માજી મહંતશ્રી તેમજ ટોરડા, ભુજ (કચ્છ), વડતાલ અને ગઢડા, જેતપુરના સંતો પધાર્યા હતા. અને પોતાની વાણીનો લાભ આપેલ. કથા દરમ્યાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી દરરોજ કથામાં પધારતા હતા અને બહેનોને દર્શનનું સુખ આપતા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને યજમાન પરિવાર અને હરિભક્તોને ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર ઉત્સવમાં રસોડાની સેવામાં દેવ સ્વામી (જૂનાગઢ) અને શા. પ્રેમસ્વરૂપદાસજીએ (જેતપુર) સભા સંચાલન સુંદર રીતે કર્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે તમામ ભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.

(ઘનશ્યામભાઈ પટેલ, ઉવારસદવાળા)

**એપ્રોચ (બાપુનગર) મંદિરમાં 'હરિબળ ગીતા'ની રાત્રી પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસના ઉપલક્ષમાં તા. ૨૩-૭-૧૨ થી તા. ૩૧-૭-૧૨ પર્યન્ત ૯ દિવસ કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજીએ સુમધુર સંગીત સાથે વૈરાગ્ય મૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીહરિ બળ ગીતાની રાત્રી પારાયણનો સુંદર લાભ હરિભક્તોને આપ્યો હતો. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ પ્રેરક આર્શીપ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપીને ઠાકોરજીની સંધ્યા આરતી ઉતારીને મહા અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો.

તા. ૧-૮-૧૨ ના રોજ બપોરના ૨-૩૦ થી ૪-૩૦ કલાક સુધી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં મહિલા શિબિરનું આયોજન થયું હતું. દરેક બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. હિંડોળા ઉત્સવ

અને જન્માષ્ટમી ઉત્સવ ભવ્યતાથી ઉજવાયા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મથુરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ.ગુ. શા.સ્વા. અખિલેશ્વરદાસજીના માર્ગદર્શન મુજબ શ્રાવણ માસમાં અત્રે મંદિરમાં ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના હિંડોળા હરિભક્તો તરફથી બનાવીને ભાવિક ભક્તોને દર્શન કરાવ્યા હતા. દર સોમવારે યુવક મંડળ દ્વારા શિવજી સમક્ષ બરફ બંગલા બનાવવામાં આવ્યા હતા. હિંડોળા સુશોભનમાં ગિરનારી સ્વામી, જયેન્દ્ર સ્વામી, વિશ્વેશ્વર સ્વામી અને પાર્ષદો અને અનેક નામી-અનામી યુવકોની સેવા પ્રેરણારૂપ રહી હતી. મહંત સ્વામી સુંદર આયોજન કરી હરિભક્તોને રાજી કરે છે. (ઘનશ્યામ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે મંદિરના મહંત શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસમાં ઠાકોરજીને અવનવા હિંડોળા બનાવીને ઝુલાવવામાં આવ્યા હતા. જેમાં હરિભક્તોની સુંદર સેવા મળી હતી. આ માસમાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞની કથા શાસ્ત્રી ઘનશ્યામ સ્વામી અને ચંદ્રપ્રકાશ સ્વામીએ કરી હતી. સમૂહ મહાપૂજામાં ૧૦૦ જેટલા ભાવિકોએ લાભ લીધો હતો. દરેક ભક્તોને શ્રી ભાનુભાઈ અને પટેલ બાબુભાઈ તરફથી ફળાહાર કરાવવામાં આવેલ. (જસ્મિન મોદી)

**બાલવા મંદિરમાં સમૂહ મહાપૂજા**

શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત એવા પ્રસાદીભૂત બાલવા ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી પવિત્ર શ્રાવણ માસમાં શા.યજ્ઞપ્રકાશદાસજી ગુરુ મહંત સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી મુક્તજીવનદાસજી એ વિદુરનીતિ જ્ઞાનયજ્ઞની કથા કરી હતી. છેલ્લા દિવસે આયોજીત સમૂહ મહાપૂજામાં ૧૦૩ હરિભક્તોએ લાભ લીધો હતો. પૂર્ણાહુતિની સમૂહ આરતી ઉતારીને યુવક મંડળની સેવાને બિરદાવવામાં આવી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાલવા)

**લિંબોદ્રામાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે સત્સંગનું નવું જ ગામ એવા લિંબોદ્રા ગામે શ્રાવણ વદ-૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની રાત્રે અત્રે મંદિરમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ શ્રી નરનારાયણ બાળ મંડળ દ્વારા પિરામીડ બનાવીને કાનુડાના હાથે મટકી ફોડીને દહીં, ગુલાલ અને ચોકલેટ વહેંચી હતી. દર માસે યુવક મંડળ દ્વારા બે સભા વિશેષ થાય છે. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, રમેશભાઈ નિલેશભાઈ લિંબોદ્રા)

**આમજા (બાલવા)માં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી શ્રાવણ માસમાં બાલવા દેશમાં શા. યજ્ઞપ્રકાશદાસજી તથા સ્વા. મુક્તજીવનદાસજી (કાંકરીયા મંદિર) દ્વારા આમજા ગામે સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. જેમાં કથા શ્રવણ કરી હરિભક્તોએ દર માસે એક સભા કરવાનું નક્કી કર્યું હતું. સભામાં શ્રીહરિનો મહિમા અને ધર્મવંશી નું માહાત્મ્ય સમજાવ્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, આમજા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવં સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી અત્રે લવારપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળે તા. ૪-૭-૧૨ થી તા. ૩-૮-૧૨ પર્યન્ત આખો માસ ઠાકોરજી સમક્ષ અવનવા સુંદર મજાના હિંડોળા બનાવીને ભગવાનને હિંડોળામાં ઝુલાવ્યા હતા. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી લવારપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા**

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અહીં બહેનોના મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૫ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન્ય બહેનોએ સાથે મળી કરી હતી. ગામના દરેક સત્સંગી બહેનોએ ધૂન્યનો લાભ લીધો હતો. (સાં. બબુબા કાલીયાણા)

**શ્રી સ્વામિનારાયણ મહિલા સત્સંગ મંડળ હિંમતનગર રજત જયંતી મહોત્સવ**

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મહિલા સત્સંગ મંડળને ૨૫ વર્ષ પુરા થતા રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ મંડળની સ્થાપના પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ કરી હતી.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૮-૮-૧૨ થી તા. ૧૨-૮-૧૨ પર્યન્ત પંચ દિનાત્મક ભાગવત દશમ સ્કંધ કથાનું આયોજન સાં. કોકીલાબા (સુરેન્દ્રનગર)ના વક્તા પદે થયુ હતું. કથાનો પ્રારંભ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના હસ્તે થયો હતો. રોજ રાત્રે સત્સંગી બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો થયા હતા. શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી સાંખ્યયોગી બહેનો દ્વારા કરવામાં આવી હતી. આ નિમિત્તે વિશાળ રાત્રી સભામાં હિંમતનગર, ઈડર, પ્રાંતિજ અને ટોરડા ધામના સંતોએ પ્રેરણાત્મક પ્રવચનો આપ્યા હતા.

તા. ૧૨-૮-૧૨ના પૂર્ણાહુતિ પ્રસંગે બહેનોની સમૂહ મહાપૂજા તથા કથાની પૂર્ણાહુતિ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે આરતી ઉતારીને કરવામાં આવી હતી. છેલ્લે દરેક બહેનોને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂર્ણાહુતિ બાદ દરેક બહેનોને પ્રસાદ જમાડવામાં આવેલ. (શ્રી સ્વામિનારાયણ મહિલા સત્સંગ મંડળ, હિમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આર્શીવાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ ખાતે પવિત્ર શ્રાવણ માસમાં કોઠારી વિષ્ણુભાઈ અને હરિભક્તોએ ઠાકોરજીને અવનવા હિંડોળા બનાવીને દર્શન કરાવ્યા હતા. ભાઈઓ અને બહેનોએ હિંડોળા બનાવવાની સુંદર સેવા કરી હતી. નાના બાળકો દર્શન કરી આનંદિત થયા હતા. (કોઠારી વિષ્ણુભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડામાં શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ સુંદર હિંડોળા બનાવી દર્શન કરાવ્યા હતા. જેમાં રણજીતસિંહ ચૌહાણ તથા ભગવાનભાઈ પટેલની સેવા પ્રેરણારૂપ હતી. નારાયણઘાટ મંદિરથી શા. દિવ્યસ્વરૂપ સ્વામીએ તા. ૨-૮-૧૨ થી તા. ૪-૮-૧૨ સુધી રાત્રે ૯-૦૦ થી ૧૦-૩૦ સુધી કથામૃત અમૃતવાણીનો લાભ આપેલ. પૂ. શા.નાના પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)એ પણ પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરથી પૂ. ગવૈયા સ્વામીના સંતો સ્વામી હરિજીવનદાસજી અને બળદેવ સ્વામીએ પધારી કીર્તન ભક્તિનો સુંદર લાભ આપ્યો હતો. હરિભક્તોએ આવો સુંદર લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

(બેચરભાઈ પી. પરમાર)

**થલતેજ અમદાવાદમાં તૃતિય સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તા. ૫-૮-૧૨ ના રાત્રે ૮ થી ૧૧ થલતેજમાં સાંગ્રીલા બંગ્લોઝ (કોમન પ્લોટ)માં ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાલુપુર મંદિરના સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત શા.પી.પી. સ્વામી અને શા. સ્વામી નારાયણમુનિદાસજી અને અન્ય સંતોએ સુંદર શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું. ઘાટલોડીયા, મેમનગર અને નારણપુરા મંદિરના ધૂન મંડળો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સભા સંચાલન પટેલ અશોકભાઈ નારણભાઈએ સુંદર રીતે કર્યું હતું. આ સભાના યજમાન પટેલ કૃષ્ણકાંત શામજીભાઈ (૧૦ સાંગ્રીલા મેઘરજ બંગ્લોઝ) એ સુંદર લાભ લીધો હતો.

શ્રી રમેશભાઈ પટેલે શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળની સત્સંગની વિવિધ પ્રવૃતિથી સૌને માહિતગાર કર્યા હતા.

શ્રીકૃષ્ણ જન્મોત્સવ મંડળ દ્વારા ધામધૂમથી ઉજવાયો હતો. અત્રે ઘાટલોડિયામાં દર રવિવાર અને દર અગિયારસે થતી સભામાં ખાસ લાભ લેવા અનુરોધ છે.

સભાનું સ્થળ ગણેશપાર્ક કોમ્પ્લેક્ષ વિ-૧ આઈ.ડી. પટેલ સ્કુલ રોડ, ગોકુલ ડેરીની બાજુમાં ઘાટલોડિયા, સમય રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સંપર્ક રમેશભાઈ પટેલ : ૯૫૮૬૪૨૨૬૦૧, ભોળાભાઈ પટેલ : ૯૯૨૫૮૦૫૪૬૩

(રમેશભાઈ પી. પટેલ, ડાંગરવાવાળા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મૂળી મંદિરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો સમૈયો ધામધૂમથી ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના મહંત સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજીની શુભ પ્રેરણા માર્ગદર્શનથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના મહાઅલૌકિક સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી ખાતે પરંપરાગત જન્માષ્ટમીનો સમૈયો ધામધૂમપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રી, કાલુપુર મંદિરના મહંત સ.ગુ.શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંત પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. મૂળી મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થતા જ પૂ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજી અને મૂળીના સંતો હરિભક્તોએ ભવ્યાતિભવ્ય સ્વાગત કરીને પૂ. લાલજી મહારાજશ્રીને વધાવ્યા હતા. બ્રહ્માનંદ સભામંડપમાં ભવ્ય સત્સંગ સભામાં અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી, સુરેન્દ્રનગરના પૂ. કૃષ્ણવલ્લભ સ્વામી, પૂ. સ્વામી જગતપ્રકાશદાસજી અને સ.ગુ. શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ જન્માષ્ટમીના સમૈયાનું માહાત્મ્ય, ધર્મકુળનો મહિમા અને સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનું જીવન કવન આદિ સભામાં કહ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી રાધાકૃષ્ણદેવની છત્રછાયામાં રહીને વિશેષ સત્સંગ કરવા ભલામણ કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શોભાવ્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારીને સંતમંડળ સાથે અમદાવાદ પધાર્યા હતા. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી. સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજીના માર્ગદર્શન મુજબ તેમના શિષ્ય મંડળ અને મૂળીદેશના હરિભક્તોએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી)

### શ્રી સ્વામિનારાયણમંદિર ચરાડવામાં અખંડ મહામંત્ર ધૂન્ય અને હિંડોળા દર્શન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. મહંત સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા શા.બ્રહ્મવિહારીદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં શ્રાવણ સુદ-૧૧ ના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની અખંડ ધૂન યોજી હતી. જેમાં ગામના દરેક હરિભક્તોએ લાભ લીધો હતો. શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ અવનવા વિવિધ હિંડોળા બનાવીને દર્શન કરાવ્યા હતા.

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી અષાઢ વદ-૧૧ એકાદશીના બહેનોના મંદિરમાં ૧૨ કલાકની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સમસ્ત સત્સંગી બહેનોએ ધૂનનો લાભ લીધો હતો. (પાર્ષદ નિલકંઠ ભગત)

### ખોલડીયાદ ગામે શ્રીમદ્ ભાગવત કથા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા મૂળી મંદિરના શ્રી રાધાકૃષ્ણદેવના માજી પૂજારી સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજીની શુભ પ્રેરણાથી શ્રીહરિ સમકાલિન મહાન સંત સ.ગુ. આધારાનંદ સ્વામી (સિધ્ધાનંદ સ્વામી) નું જન્મ સ્થાન એવા પ્રસાદીભુત ખોલડીયાદ ગામે પવિત્ર શ્રાવણ માસમાં સ.ગુ. સ્વામી અજયપ્રકાશદાસજી ગુરુ સ્વામી જયપ્રકાશદાસજીએ ગામના હરિભક્તોને સુંદર શ્રીમદ્ ભાગવત કથામૃતનું રસપાન કરાવ્યું હતું. (કોઠારીશ્રી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની શુભ પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત વિવિધ પ્રકારના હિંડોળા બનાવી ઠાકોરજીને ઝુલાવ્યા હતા. પાંચ દિવસ એકી સાથે બાર હિંડોળા પ્રદર્શન રૂપમાં ગોઠવવામાં આવેલ. ન્યુઝ પેપર અને ઈલેક્ટ્રોનિક મિડિયાએ સુંદર કવરેજ કર્યું હતું. શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પંકજભાઈ પારેખ આદિ હરિભક્તોએ પ્રેરણાત્મક સેવા કરી હતી.

અત્રે શ્રાવણ વદ-૯ થી શ્રાવણ વદ અમાસ સુધી ડે-નાઈટ શ્રી શિક્ષાપત્રી ભાષ્યની કથા શા.સત્યસંકલ્પદાસજીના વક્તાપદે થઈ હતી. દરરોજ દરેક શ્રોતાઓને અલ્પાહાર ફરાળનો પ્રસાદ આપવામાં આવતો હતો. સભા સંચાલન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. શ્રીનરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

### ઓલપાડમાં સુંદર સત્સંગ સભા

શ્રીહરિના અલૌકિક દિવ્ય ચરણોથી અંકિત પાવન પવિત્ર ભૂમિ ઓલપાડ ગામમાં મૂળી દેશના હાલારના ઘણા હરિભક્તો નોકરી ધંધાર્થે સ્થાયી થયેલા છે. તેઓ મૂળ સંપ્રદાય શ્રી નરનારાયણદેવ ગાદી અને શ્રી રાધાકૃષ્ણદેવ મૂળીના અને વડતાલશ્રી લક્ષ્મીનારાયણ દેવના ચુસ્ત આશ્રિત છે. થોડા વરસ પહેલા પ.પૂ. મોટા મહારાજશ્રીએ અહીં સૌ હરિભક્તોને નિયમિત સત્સંગ સભા કરવાની આજ્ઞા કરી હતી. જે આજ્ઞાનું અક્ષરઃસહ પાલન કરીને તેઓ નિયમિત સભા કરે છે. જેમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ્રકાશિત સાહિત્ય ભક્તિ શાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિભૂષણની કથા શ્રાવણ માસમાં રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી પ.ભ. શાંતિલાલ ભગતે કરી હતી. અને હરિભક્તોએ સુંદર કથાનો લાભ લીધો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રીએ ફોન દ્વારા સૌ ભક્તોને પ્રેમ અને પ્રીતિપૂર્વક કથા સાંભળશો અને બંન્ને દેવ દેશ પ્રત્યેની નિષ્ઠા વિશેષ રાખવા આશીર્વાદમાં જણાવ્યું હતું.

(શાંતિભાઈ વરૂ)

## વિદેશ સત્સંગ સમાચાર

### અમેરિકાના વોશિંગ્ટન ડી.સી.માં હરિ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

અમેરિકાનું કેપિટલ વોશિંગ્ટન ડી.સી.માં આપણા ઘણા હરિભક્તો વર્ષોથી સ્થાયી થયેલા છે. શ્રી નરનારાયણદેવ દેશનું આઈ.એસ.એસ.ઓ.નું અહીં વિશાળ શિખર બધ્ધ મંદિર માટે સર્વોપરિ શ્રીજી મહારાજની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા આશીર્વાદથી ૯.૮ એકર જમીન (૯૮૦૦ સ્કેવર ફૂટ) મકાન સાથે સંપાદિત થઈ છે. ૧૦ જુલાઈના સેટલમેન્ટ થયા બાદ આપણા નામનો દસ્તાવેજ પણ થયો ગયો છે. જેથી ૨૪ જુલાઈ શનિવારે જેની વિધિવત પૂજન વિધિ થઈ. જેમા હજારો ભક્તજનો ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૫-૭-૧૨ થી તા. ૨૭-૭-૧૨ પર્યન્ત સાંજે ૫-૩૦ થી ૭-૩૦ દરમ્યાન શિક્ષાપત્રી ભાષ્યની કથા શા.સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે પોથીયાત્રા ધામધૂમથી કાઢવામાં આવી હતી. તા. ૨૮-૭-૧૨ શનિવાર સવારે ૯ થી ૧૧-૩૦ સુધી મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ રાખવામાં આવી હતી. ૨૫ જુલાઈના સાંજે ૫-૩૦ કલાકે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સાથે પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી (મોટા) પધાર્યા હતા. જ્યારે સ.ગુ. શા. રામકૃષ્ણદાસજી અને શા. વ્રજવલ્લભ સ્વામી બોસ્ટન કેમ્પ પૂર્ણ કરી ૨૩ જુલાઈના અને હજુરી પાર્ષદ વનરાજ ભગત મંગળવારના, અને ચેરીહીલથી વી.પી. સ્વામી આદિ સંત મંડળ પધાર્યા હતા. તા. ૨૭ ના રાત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કથામાં પધાર્યા હતા અને હરિભક્તોને દર્શન આશીર્વાદ આપી રાજી કર્યા હતા. તા. ૨૮-૭-૧૨ ને શનિવારે

સવારે ૯-૦૦ વાગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે તેઓશ્રીનું ભવ્ય સ્વાગત સામૈયુ સંત-હરિભક્તોએ કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રીએ મંદિરના મુખ્ય દ્વારનું રિબન કાપીને ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા ષોડશોપચાર પૂર્વક વિધિવત રીતે ધર્મવંશીના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. સાથે યજમાન હરિભક્તોએ પણ લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી, શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (ચેરીહીલ) નરનારાયણ સ્વામી (કોલોનીયા) શા.રામ સ્વામી, વ્રજ સ્વામી આદિ સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે, ઘણા વર્ષોના અથાગ પ્રયાસ પછી આ મંદિર થયું છે. સૌ ભક્તો મંદિરમાં ઠાકોરજી સમક્ષ ભજન ભક્તિ કરીને મંદિરનો પુરો ઉપયોગ કરજો. પ.પૂ. મહારાજશ્રીને રક્ષા બંધન નજીક હોવાથી ચાંદીની બે રાખડીઓ બાંધવાની ઉચ્છવણી થઈ હતી. ૧,૨૧,૦૦૦ ડોલરની ઉચ્છવણીમાં વોંશિગ્ટન બાલ્ટીમોરના હરિભક્તો વતી કનુભાઈએ તથા ડાંગરવાના પ.ભ. કાંતિભાઈએ પ.પૂ. મહારાજશ્રીને ચાંદીની રાખડીઓ બાંધીને રક્ષા બંધનનો મહા લાભ લીધો હતો. પ.પૂ. મહારાજશ્રી તથા પા. વનરાજ ભગતને બાલ્ટીમોર એરપોર્ટ પર ૧-૩૦ સુધીમાં પહોંચવાનું હતું છતાં હરિભક્તોના પ્રેમથી બંધાઈને ૧૨-૪૫ સુધી સભામાં રોકાયા હતા. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યારબાદ હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારીને મહા લાભ લીધો હતો. હતી. દરેક આપણા ઈસો ચેપ્ટરોના પ્રેસિડેન્ટશ્રીઓએ પ.પૂ. મહારાજશ્રીનું ગુલાબના ફુલની કલગી આપીને સ્વાગત પૂજન કર્યું હતું. હરિભક્તોએ લાઈનમાં ઉભા રહીને ચરણ સ્પર્શ દર્શન કર્યા હતા. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રી સંત પાર્ષદ મંડળ સાથે આટલાન્ટા જવા પધાર્યા હતા.

૧૦ ઓગસ્ટ શુક્રવારે રાત્રે ૮ થી ૧૨ જન્માષ્ટમી નિમિત્તે કોલોનીયાથી ડી.કે. સ્વામી અને નરનારાયણ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ૧૫૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. (કનુભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી અને પૂજારી નિલકંઠપ્રસાદદાસજી અને પૂજારી શાંતિપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોનો ૧૪ મો પાટોત્સવ અને જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયા.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની કથા સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે થઈ હતી. હરિભક્તોને કથારસમાં ગુલતાન કરી દીધા હતા.

આ પ્રસંગમાં સોનામાં સુગંધ ભળે તેમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ સાનિધ્ય અને નવ જેટલા સંત પાર્ષદોનો લાભ હરિભક્તોને મળ્યો. સવારમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો વેદોક્ત વિધિથી ષોડશોપચાર મહાભિષેક સંપન્ન થયો હતો.

પ્રાસંગિક સભામાં પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુર) પૂ. વાસુદેવ સ્વામી, પૂ. સૂર્યપ્રકાશ સ્વામી, પૂ. વિશ્વવલ્લભ સ્વામી, યોગી સ્વામી, નરનારાયણ સ્વામી, નિલકંઠ સ્વામી, શાંતિ સ્વામી અને પૂ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી આદિ સંતોની અમૃતવાણીનો લાભ ભક્તજનોને મળ્યો.

**છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે મંદિર, ધર્મકુળ, સત્સંગ, શાસ્ત્ર અને સંત આનાથી એક પરિવાર બને છે. આ પરિવારને ઓળખતા શિખવું. જેનાથી પોતાપણું આવે છે. જે સુખ અપાવે છે. ભજનના સુખ વિના દૃઢતા આવતી નથી. ભગવાનની આપણા ઉપર આટલી બધી કૃપા છે કે આપણને આ બધું જ આપ્યું. નિત્ય પ્રત્યે અહોપણું રાખી ભગવાનને વિસારવા નહી.**

સભામાં પૂ. પી.પી. સ્વામીએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો સંકલ્પ શ્રીહરિકૃષ્ણ મહારાજને સુવર્ણના અલંકાર ધારણ કરવા છે તેમ ધોષણા કરી ત્યારે પ.પૂ. મહારાજશ્રીના આ સંકલ્પને હરિભક્તોએ સુવર્ણનું દાન કરી સંકલ્પ સાર્થક કર્યો. જો કે ધર્મવંશી જે સંકલ્પ કરે તે સિધ્ધ જ થાય છે. પાટોત્સવ પ્રસંગે ૧૪ કલાકની અખંડ ધૂન, મહાપૂજા, યજ્ઞ, મહાભિષેક, અન્નકૂટ દર્શન, તુલસી વિવાહ અને સાંસ્કૃતિક પ્રોગ્રામ થયા હતા.

આ પ્રસંગમાં ઘણા નામી-અનામી હરિભક્તોએ યજમાન બની મહા લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. સમગ્ર પ્રસંગમાં નાના મોટા દરેક હરિભક્તો અને યુવક મંડળનું યોગદાન પ્રેરણારૂપ હતું.

(વસંત ત્રિવેદી, શિકાગો)

### પારસીપની છપૈયાધામમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની ખાતે ૨૨ જુલાઈના રવિવારે સાંજે હરિભક્તોએ સાથે મળીને આપણા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૫ મો પ્રાકટ્યોત્સવ વિધિવત રીતે ઉજવ્યો હતો. સભામાં ઠાકોરજી સમક્ષ ધૂન-કીર્તન-કથા વાર્તા કરીને આરતી ઉતારી હતી. શ્રી ઠાકોરભાઈએ ધૂન બોલાવી હતી. પ.ભ. પ્રહલાદભાઈ પટેલ પ.પૂ. લાલજી મહારાજશ્રી આટલી નાની ઉંમરે દેશ-વિદેશમાં વિચરણ કરીને આપણી ભાવિ પેઢીને તૈયાર કરી રહ્યાં છે. અભ્યાસ સાથે સત્સંગની પ્રવૃતિમાં પણ સતત રહે છે. તેમની અનેકવિધ પ્રવૃતિને યાદ કરી ૧૫ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.

(પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા કોલોનીયા મંદિરના મહંત શા. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી અને સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી પવિત્રા એકાદશીના ભગવાનને પવિત્રા અને રાખડીના શણગાર કરી ધરાવવામાં આવ્યા હતા. મહંત સ્વામીએ પવિત્રા એકાદશીનું મહાત્મ્ય કથાના રૂપમાં કહ્યું હતું. છેલ્લે સમૂહમાં જન મંગલ પાઠ તથા થાળ-આરતી કરી હતી. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એટલાન્ટામાં પ્રથમ પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી સત્યસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર એટલાન્ટાનો પ્રથમ પાટોત્સવ તા. ૨૯-૭-૧૨ ના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને સંતોની ઉપસ્થિતિમાં વિધિવત રીતે સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની બાળ લીલાની પારાયણ જેતલપુરધામના સુપ્રસિદ્ધ કથાકાર સંત પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના વક્તાપદે સુમધુર કંઠે થઈ હતી. હરિભક્તોને કથા રસમાં ખૂબજ ભીંજવી દીધા ! આ પ્રસંગમાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ મહાપૂજા, સાંસ્કૃતિક પ્રોગ્રામ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ષોડશોપચાર મહાભિષેક દર્શનની દિવ્યતા અને અલૌકિકતાના દર્શન હજારો ભક્તજનો કરીને દિવ્યતા-ધન્યતા અનુભવી. આ પ્રસંગમાં નાના મોટા સર્વે હરિભક્તો બહેનો અને યુવક મંડળની સેવા પ્રસંશનીય હતી.

સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન પ.ભ. મનહરભાઈ જયંતીલાલ પટેલ (વડુવાળા) રહ્યાં હતા. (દક્ષેશભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (આઈ.એસ.એસ.ઓ.) ઓસ્ટ્રેલીયા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સીડનીમાં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

૩ જૂન જેઠ સુદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે શ્રી નરનારાયણદેવ યુવક મંડળે વિડીયો ક્લિપ દ્વારા ગીત-સંગીત સાથે અંતર્ધાનના પ્રસંગ સતત ૨ કલાક સુધી હરિભક્તોને કરાવ્યા હતા.

૧ જુલાઈ તથા ૫ ઓગસ્ટના શ્રીહરિ વન વિચરણ કથા સંગીત સાથે કરી હતી. દર માસના પ્રથમ રવિવારે વન વિચરણની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. વન વિચરણ યાત્રાની વિડીયો બતાવવામાં આવી હતી. ચાતુર્માસમાં ૪૦૦ હરિભક્તોએ શાંતિ પાઠના વિશેષ નિયમ લીધા હતા.

ગુરુ પૂર્ણિમા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી અમદાવાદ મંદિરમાં યોજાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવના દર્શન વિડીયો પર દર્શાવવામાં આવ્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૫ પ્રાકટ્યોત્સવ હરિભક્તોએ સાથે મળી ધામધૂમથી ઉજવ્યો હતો. અને અમદાવાદ મંદિરમાં યોજાયેલ જન્મોત્સવ પ્રસંગના દર્શન વિડીયો દ્વારા કરાવવામાં આવ્યા હતા. તા. ૮-૭-૧૨ થી તા. ૨૮-૭-૧૨ સુધી શ્રાવણ માસમાં ઠાકોરજીને યુવક મંડળના ખૂબજ સુંદર પ્રયાસથી વિવિધ પ્રકારના આકર્ષક હિંડોળા બનાવીને દર્શન કરાવવામાં આવ્યા હતા.

તા. ૧૨-૮-૧૨ ના રોજ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમથી ઉજવી હતી. ૮૦૦ જેટલા હરિભક્તોએ જન્માષ્ટમી પ્રસંગને માણ્યો હતો. યુવક મંડળના ૩ યુવાનો અને બાળ સભાના ૨ બાળકો દ્વારા શ્રી કૃષ્ણની બાળ લીલા સુંદર રીતે રજુ કરી હતી. રાસ અને મટુકીફોડ કાર્યક્રમ પણ થયા હતા. આમ દરેક ઉત્સવ શ્રીહરિની કૃપા અને ધર્મવંશીના આશીર્વાદથી ધામધૂમપૂર્વક ઉજવાયા હતા. (બિપીન દવે)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (યુ.કે.) આઠમો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવનો ૮ મો પાટોત્સવ તા. ૨૨-૭-૧૨ થી તા. ૨૯-૭-૧૨ પર્યન્ત સંતોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીભક્ત ચિંતામણી ગ્રંથની સપ્તાહ પારાયણ અમદાવાદ મંદિરના મહંત સ્વામીના શિષ્ય (બંન્ને સંત) પૂ. સ.ગુ.શા.સ્વા. વિશ્વવિહારીદાસજીના વક્તાપદે થઈ હતી. પૂ. યોગી સ્વામીએ ઠાકોરજીને સુંદર વાઘા ધરાવી દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે લંડનના પરા વિસ્તારના દરેક શહેરમાંથી આવેલા હરિભક્તોએ કથાનો લાભ લીધો હતો. સંતોની પ્રેરણાથી ઠાકોરજીને હરિભક્તોએ ભવ્ય હિંડોળા બનાવી દર્શન કરાવ્યા હતા. કથાની પૂર્ણાહુતિ બાદ શા.સ્વા. વિશ્વવિહારીદાસજીએ યજમાનો અને સેવા કરનાર હરિભક્તોનું ફુલહાર પહેરાવી સન્માન કર્યું હતું. હરિભક્તોએ દર્શન કરી મહાપ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. યુવક મંડળ અને બહેનોની સેવા સુંદર હતી. (કિરણ ભાવસાર સહમંત્રી)

# અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| જેઠ વદ-૧ | મહેશભાઈ શાહ (મોહન થાળ) | અમદાવાદ |
| જેઠ વદ-૧ | અ.નિ. રામજી દેવસીભાઈ સાંખલા (મોહનથાળ) | અંજાર |
| જેઠ વદ-૧ | અ.નિ. જાદજી કલ્યાણ હાલાઈ (મોહનથાળ) | સૂરજપર |
| જેઠ વદ-૨ | વિષ્ણુભાઈ વિહાભાઈ પટેલ (મગશ) | અમદાવાદ |
| જેઠ વદ-૭ | મોતીબેન ગોરધનભાઈ પટેલ (મગશ) | કરજીસણ |
| જેઠ વદ-૭ | કૌશલ દેવેન્દ્ર પંડ્યા (સાટા) | ચાંદખેડા |
| જેઠ વદ-૭ | ક્રિશ રમેશભાઈ વેકરિયા (મગશ) | વાડાસર |
| જેઠ વદ-૭ | કાનજીભાઈ છગનભાઈ પટેલ (શીખંડ-પુરી) | અમદાવાદ |
| જેઠ વદ-૭ | સાં.યો. કેસરબાઈ મેઘજી હિરાણી | ભૂજ |
| જેઠ વદ-૯ | જશુબેન સામજીભાઈ પટેલ (મગશ-ચુરમાના લાડુ) | કાંકરિયા |
| જેઠ વદ-૯ | અ.નિ. કાન્તાબેન ડાહ્યાભાઈ ઠક્કર (મોહનથાળ) | અમદાવાદ |
| જેઠ વદ-૧૨ | ભાવિન મનજી હિરાણી (મગસ) | ભૂજ |
| જેઠ વદ-૧૩ | રમેશભાઈ બળદેવદાસ મોદી (મૈસુબ) | વિસનગર |
| અષાઢ સુદ-૨ | શ્રી ઘનશ્યામ ટીમ્બર (મગશ) | |
| અષાઢ સુદ-૩ | સવિતાબેન રણછોડભાઈ દેવાણી (મગશ) | અમદાવાદ |
| અષાઢ સુદ-૩ | સરસ્વતીબેન ભાવસાર (બુંદીના લાડુ) | મુંબઈ |
| અષાઢ સુદ-૪ | શ્રીજીના લાડીલા બે હરિભક્ત (ચુરમાના લાડુ) | બાલવા |
| અષાઢ સુદ-૫ | કાંતિભાઈ ભીખાભાઈ (ગુલાબજાંબુ) | અમદાવાદ |
| અષાઢ સુદ-૭ | અ.નિ. ડાહ્યાભાઈ ગોકળભાઈ (મૈસુબ) | વિસનગર |
| અષાઢ સુદ-૭ | નારણભાઈ મુળજીભાઈ રાબડીયા (મગશ) | સરલી |
| અષાઢ સુદ-૧૦ | મનસુખભાઈ પરસોતમભાઈ (મગશ) | રનેલા |
| અષાઢ સુદ-૧૦ | અમરબાઈ વાલજી (મગશ) | રામપર-વેકરા |
| અષાઢ સુદ-૧૨ | સ્વયંસેવક જયસીયારામ મંડળ (મોહનથાળ) | પોરબંદર |
| અષાઢ સુદ-૧૨ | નટવરલાલ જીવણલાલ ઠક્કર (દૂધપાક પુરી) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૨ | બેચરભાઈ પટેલ (માલપુવા) | અંબાપુર |
| અષાઢ સુદ-૧૨ | કનુભાઈ નાગરભાઈ પટેલ (દૂધપાકપુરી) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૨ | સમીરભાઈ ઘનશ્યામભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| અષાઢ સુદ-૧૨ | અ.નિ. ફુલનાબેન ખાતુભાઈ પટેલ (મગશ પુરી) | લસુંદ્રા |
| અષાઢ સુદ-૧૩ | હરિશભાઈ એમ. પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અષાઢ વદ-૧ | અસલારામ કુનમાજી (મગશ) | ગોળીયા |
| અષાઢ વદ-૨ | પટેલ ભુરાભાઈ વાલાભાઈ (મોહનથાળ) | ગોઠીબ |
| અષાઢ વદ-૫ | મથુરભાઈ મણીલાલ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અષાઢ વદ-૫ | સોનાલીબેન ભદ્રેશભાઈ માંગુલીયા (મોહનથાળ) | અમદાવાદ |
| અષાઢ વદ-૫ | નટુભાઈ સોમાભાઈ (મોહનથાળ) | બામણગામ |
| અષાઢ વદ-૯ | અ.નિ. પ્રેમબાઈ કાનજી (મોહનથાળ) | મીરજાપર |
| અષાઢ વદ-૯ | અ.નિ. સરિતાબેન મનસુખભાઈ (મોહનથાળ) | મીરજાપર |
| અષાઢ વદ-૧૨ | ધીરેનભાઈ અનંતરાય કામદાર (મગસ) | પોરબંદર |
| અષાઢ વદ-૧૨ | રાજુભાઈ અરવિંદભાઈ ગાંધી (શીખંડ) | અમદાવાદ |
| અષાઢ વદ-૧૨ | ચોકસી ઘનશ્યામભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અષાઢ વદ-૧૨ | સોની ઘનશ્યામભાઈ હરિલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| અષાઢ વદ-૧૨ | ચૌધરી સોમાભાઈ (મોહનથાળ) | બદપુરા |
| અષાઢ વદ-૧૨ | સુરેશભાઈ સોની (મોહનથાળ) | અમદાવાદ |
| અષાઢ વદ-૧૩ | બળવંતરાય સોની (મોહનથાળ) | અમરેલી |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

**૬૬૬/- મૂળજીભાઈ કાચા ટેલર — લેસ્ટર (યુ.કે.)**

૧૦૧/- અ.નિ. માવજી હિરજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/- અ.નિ. બચુલાલ માવજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — વિલેપાર્લે
૧૦૧/- અ.નિ. માધવજી માવજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — વિલેપાર્લે
૧૦૧/- ગં.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — વિલેપાર્લે
૧૦૧/- જગદીશ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — વિલેપાર્લે
૧૦૧/- ચૌહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બારડોલી
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૧૧૧/- અ.નિ. જીવીબેન નટવરભાઈના સ્મરણાર્થે — ગોધરા
૧૦૧/- ગજ્જર હાર્દિક બાબુલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પરમાર વ્રજ રિકેશભાઈ જન્મદિને — નવાવાડજ
૧૦૧/- પંચાલ ભૂષણ જન્મદિને — નરોડા
૧૦૦/- મોરી હરેશભાઈ રામભાઈ પુત્રના જન્મ પ્રસંગે — કાલીયાણા
૧૦૦/- મોરી નિતિનભાઈ રામભાઈ નવા બોર નિમિત્તે — કાલીયાણા
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ કેશવલાલ છપૈયા યાત્રા નિમિત્તે — વહેલાલ
૧૦૧/- પટેલ જીજ્ઞેશ ઈશ્વરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નાંદોલ
૧૦૦/- સોલંકી ક્રિના ઉમેશ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ સ્વપ્નીલ કમલેશભાઈ અમેરિકા ગયા તે નિમિત્તે — જમીયતપુરા
૧૦૧/- વોરા નૈતિક અશ્વિનભાઈ જન્મપ્રસંગે — રંગપુર
૧૦૧/- કા.પ. કાવ્યાબેન મનોજકુમાર જન્મદિને — બાલાસિનોર
૧૦૦/- કા. શુભમ આશિષકુમાર જન્મદિને — બાલાસિનોર
૧૦૧/- પરમાર ભરતભાઈ શાંતિભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૦/- પટેલ દર્શન કેતન એસ.એસ.સી.માં સારા ટકા આવ્યા તે નિમિત્તે — ઘાડલોડિયા
૧૦૧/- કાછીયા ચીમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૫૦/- પંચાલ મંથન કનૈયાલાલ નોકરી મળી તે નિમિત્તે — અમદાવાદ
૫૦૦/- પટેલ નિમેષભાઈ અમરતભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે લાલોડા
૪૦૦/- રંગાલી રાધિકા બિપીનભાઈ નોકરીમાં પહેલા પગાર નિમિત્તે — ફાચરીયા
૧૦૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાવળા
૫૦૦/- પટેલ યોગેશભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સાપાવાડા
૫૦૧/- પટેલ હાર્દિક વિરેન્દ્રભાઈ લગ્ન પ્રસંગે — અમદાવાદ
૧૦૧/- ભાવસાર ધર્મેશભાઈ શાંતિલાલ ચિ. પ્રિશાના જન્મદિને — વિસનગર
૧૦૧/- ભાવસાર મેહુલભાઈ શાંતિલાલ ચિ. પરમેશના જન્મદિને વિસનગર
૧૦૧/- સોની હસમુખલાલ વ્રજલાલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- પટેલ રૂચિશકુમાર અંબાલાલ તિશાબેનના જન્મદિને — ઝુંડાલ
૧૦૧/- ચૌહાણ નટવરસિંહ મોતીભાઈ ચિ. જયેન્દ્રસિંહના લગ્ન નિમિત્તે — ભોળાદવાળા
૧૦૧/- ચૌહાણ નટવરસિંહ મોતીભાઈ ચિ. રાધિકાબાના ત્યાં ભાણેજના જન્મ નિમિત્તે — ભોળાદવાળા
૧૫૧/- પટેલ શાંતિલાલ ભગવાનદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ગોઠીબ
૨૦૧/- પટેલ નિલેશ બળદેવભાઈ નવા મકાનના વાસ્તુ નિમિત્તે — વડસર
૧૧૧/- પટેલ ભક્તિભાઈ પૂંજલદાસન બાયપાસનું ઓપરેશન નિમિત્તે — રાણીપું
૧૧૧/- પટેલ કૈલાશબેન ભક્તિભાઈ ઓપરેશન સફળ નિમિત્તે — રાણીપ
૨૦૧/- પટેલ હિમાની હરેશકુમાર ચિ. મિહિરને ધો-૧૦ માં ૯૪.૬૦ ટકા નિમિત્તે
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ નારાયણભાઈ ગાડી લીધી તે નિમિત્તે — મેમનગર
૧૧૧/- અ.નિ. ચંચળબેન રણછોડલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા
૧૦૦/- પટેલ મધુબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઉંઝા
૧૦૧/- ડાહ્યાભાઈ રણછોડભાઈ નવી ગાડી નિમિત્તે — ડેમાઈ
૧૦૧/- પરમાર જયદિપસિંહ હનુભા નાયબ મામલતદારની નિયુક્તિ નિમિત્તે — બાપુનગર
૧૫૧/- પટેલ પૂર્વા સંજયકુમાર જન્મદિને — મુબારકપુર
૧૦૧/- મારવી મધુબેન પ્રાગજીભાઈ ચિ. ચિંતનના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- વરૂ પ્રજ્ઞાબેન કાંતિલાલ ચિ. સ્વાતિના લગ્ન પ્રસંગે — જીરાગઢ
૧૦૦/- મારવી પ્રિયેશ ચમનભાઈ કોમ્પ્યુ. સાયન્સ ફર્સ્ટ ક્લાસ નિમિત્તે — જીરાગઢ
૧૦૧/- મોદી વિનોદકુમાર સાંકળચંદ ચિ. તુલયના લગ્ન પ્રસંગે — ચાંદખેડા
૧૦૦/- ગાંગાણી અંકિત મગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- વાઘેલા શીવસંગ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- વાઘેલા મેહુલસિંહ જયેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૫૦૧/- ભૂડીયા કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ફોટડી (કચ્છ)
૧૦૧/- પટેલ ભાર્ગવભાઈ નારણદાસ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે — વડુ
૧૦૦/- મોરી ઉદયભાઈ સતિષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૦/- મોરી યુવરાજ દિલીપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૦/- મોરી દિલીપભાઈ કમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૦/- સાં. બબુબા પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે કાલીયાણા
૧૦૦/- મોરી પથાભાઈ મલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૦૧/- જયસ્વાલ પ્રોમીશ સંજયભાઈ એડમીશન નિમિત્તે — સૂકાટીંબા
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સૂકાટીંબા
૧૦૧/- પટેલ દિપકભાઈ રસિકભાઈ ચિ. ધ્યાનની બાબરી નિમિત્તે — આનંદપુરા
૧૫૧/- પટેલ ચિરાગકુમાર ચંદ્રકાન્ત ઓસ્ટ્રેલીયા પી.આર. થયા તે નિમિત્તે — લસુન્દ્રા
૧૦૧/- પટેલ નીશાબેન ચંદ્રકાન્ત સીડનીમાં પી.આર. થયા તે નિમિત્તે લસુન્દ્રા
૧૦૧/- પટેલ અરવિંદભાઈ માધવલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ઈટાદરા
૧૦૧/- પટેલ સુશીલાબેન દ્વારકેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મરતોલી
૫૦૧/- ગાંધી ડી. જે. અને પ્રજ્ઞાબેન ડી. ગાંધી અમરનાથ યાત્રા નિમિત્તે સુરત
૧૦૧/- કા. નટવરલાલ રમણલાલ અધિક માસ નિમિત્તે — કપડવંજ
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- પટેલ અનંતિકાબેન રાકેશકુમાર જન્મદિને — બાયડ
૨૫૦/- ડૉ. નિરવ નવીનભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — બાયડ
૧૦૧/- મોદી નટવરલાલ ચુનીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ગાંધીનગર
૧૧૦/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- પટેલ હર્ષિલકુમાર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- સતવારા પ્રેમજીભાઈ વિઠ્ઠલભાઈ ચિ. કૌશલના જન્મદિને — ચાંદલોડીયા
૧૦૧/- સતવારા પ્રેમજીભાઈ વિઠ્ઠલભાઈ ચિ. અક્ષિલના જન્મદિને — ચાંદલોડીયા
૧૫૧/- પટેલ જયંતિભાઈ ગોકળદાસ ચિ. પૌત્ર વીરને સાકરતુલા નિમિત્તે — કરજીસણ
૧૦૦/- ભાવસાર ગુણવંતભાઈ અમૃતલાલ નવું એકટીવા લીધું તે નિમિત્તે — નવા વાડજ
૧૦૧/- પટેલ હસમુખભાઈ કાંતિભાઈ પૌત્રિ હિયાના જન્મ પ્રસંગે — દહેગામ
૧૫૧/- પટેલ કરણ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મારુસણા
૫૦૦/- પટેલ રસિકભાઈ શંકરદાસ હરિકૃષ્ણ કોટન ઈન્ડ ખાત મુહૂર્ત નિમિત્તે — કલોલ
૨૫૧/- ચોટલીયા રમેશભાઈ તુલસીભાઈ ચિ. દર્શનની સાકર તુલા નિમિત્તે — ધુળકોટ
૧૫૧/- ભાવસાર દેવાંગી રાજેન્દ્રકુમાર ડીપ્લોમાં એન્જી.માં પાસ નિમિત્તે — નવાવાડજ
૩૦૦/- પટેલ ઉષાબેન આશિષભાઈ ચિ. પૂર્વાના જન્મદિને — અમદાવાદ
૩૦૦/- પટેલ ઉષાબેન આશિષભાઈ ચિ. હેતના જન્મદિને — અમદાવાદ
૧૦૦/- પટેલ હર્ષદભાઈ ડાયાભાઈ ચોવીસ કલાકની અખંડ ધૂન નિમિત્તે — મોટેરા સ્વા. મંદિર
૧૧૧/- ભૂવા કાંતિલાલ વી. નવું મશીન લાવ્યા તે નિમિત્તે — વિદ્યાનગર

૧૦૧/- ભૂવા વાસુદેવભાઈ વિઠ્ઠલભાઈ નવો ફ્લેટ લીધો તે નિમિત્તે — વિદ્યાનગર
૨૦૦/- પટેલ નિરલ સુરેશભાઈ એમ.બી.બી.એસ.માં એડમીશન નિમિત્તે — અમદાવાદ
૫૦૦/- પટેલ અશોક ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વડોદરા
૧૦૦/- પટેલ ચિંતનકુમાર રાજેશભાઈ જન્મદિને — વિહાર
૫૦૧/- પટેલ રમણભાઈ મરઘાભાઈ ચિ. વૈદેહીને એસ.એસ.સી.માં ૯૨ ટકા નિમિત્તે — કોલ્હાપુર
૧૦૦/- પટેલ અલ્કેશભાઈ નટુભાઈ ચિ. સુજલના જન્મદિને — નાંદોલ
૧૦૦/- પટેલ જુલીબેન જિજ્ઞેશકુમાર ચિ. તનિષાના જન્મદિને — અમદાવાદ
૧૦૧/- ગાંધી વિરેનભાઈ અશોકભાઈ ચિ. પ્રથમના જન્મ દિવસ નિમિત્તે — મોડાસા
૨૦૧/- પટેલ સુમનભાઈ આર. ચિ. જીજ્ઞેશ ચિ. એકતાને વિઝા મળ્યા તે નિમિત્તે — સાબરમતી
૧૦૧/- પટેલ રાજેન્દ્રભાઈ આર. લગ્ન તિથિ નિમિત્તે — સોલા
૧૦૦/- પટેલ રીટાબેન જન્મદિન નિમિત્તે — સોલા
૧૦૦/- પટેલ હર્ષલભાઈ આર. નવા મકાન નિમિત્તે — સોલા
૧૦૧/- પટેલ અંકિતકુમાર કનુભાઈ નવું બાઈક લાવ્યા નિમિત્તે — ગવાડા
૧૦૧/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૧૫૧/- પટેલ વલ્કેશકુમાર હરજીવદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ગોઠીબ
૧૫૧/- પટેલ લાડુબેન દેવજીભાઈ ઓપરેશન સફળ નિમિત્તે — ગોઠીબ
૧૦૧/- ખેર અરજણભાઈ માલુભાઈ અમદાવાદમાં મકાન લીધુ તે નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૧/- સગર બાબુભાઈ પૂજાંભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે — ઈડર
૧૦૧/- પ્રજાપતિ બકુલભાઈ સુખદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુંડ
૧૦૦/- રેખાબેન મનસુખભાઈ પુત્રીના જન્મ નિમિત્તે. — જામસર
૧૦૨/- ભાવસાર અરવિંદભાઈ રમણલાલ નવી મોટર લીધી તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- ઠક્કર સુજલભાઈ તથા હાર્દિકભાઈ નવી ગાડી નિમિત્તે — કલોલી
૫૦૦/- પટેલ વંશ, જીન, દેવ, વિષ્ણુભાઈ જન્મદિને — ડાંગરવા
૧૦૦/- મકવાણા નિખીલભાઈ નટવરભાઈ નવી ગાડી નિમિત્તે — દરિયાપુર
૧૦૧/- વોરા અંકુરકુમાર નાગજીભાઈ એમ્બ્રોડરી મશીન નિમિત્તે — ગણેશગઢ
૧૦૧/- ભાવસાર રાજેશ પ્રવિણભાઈ બાઈક નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ કૌશિકકુમાર નાગજીભાઈ ગાડીનું લાયસન્સ નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- સુહાગીયા તૃપ્તિબેન રાજેશકુમાર ઓસ્ટ્રેલીયામા જોબ નિમિત્તે — ઓસ્ટ્રેલિયા
૧૦૦/- ચૌહાણ ભીખુભા મોતીસિંહજી શ્રીજી પ્રસન્નાર્થે — ભોળાદ-ભાલ
૧૦૦/- ભાવસાર કમલેશભાઈ રમણલાલ શ્રીજી પ્રસન્નાર્થે — કડી
૫૦૦/- મોદી અમૃતલાલ મગનલાલ શ્રી નરનારાયણદેવની કૃપાથી કલાવતીબેનનું પગનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે — સેટેલાઈટ
૨૦૦/- પટેલ વીણાબેન મહેશભાઈ ચિ. તીર્થના જન્મદિને — નરોડા
૧૦૦/- કૃષ્ણકુમાર કેવારામ ચિ. ઘનશ્યામ અને ગોપાલને બાબરી નિમિત્તે — થોબાઉ (વાલી)
૧૦૧/- પરમાર રાકેશભાઈ લાભુભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે — બળોલ-ભાલ
૨૫૧/- પટેલ નૌતિકકુમાર પંકજભાઈ બી.આર.ડી.માં પાસ નિમિત્તે — ઉનાવાવાળા
૧૦૧/- અંકિત વિક્રમભાઈ ચિ. ઝીયાના જન્મદિને — વહેલાલ
૨૦૧/- પટેલ વિશાલ સુરેશભાઈ ૧૦ મી પુણ્યતિથિ નિમિત્તે — વાવોલ
૨૦૦/- પટેલ પ્રેમ સુરેશભાઈ જન્મદિવસ નિમિત્તે — વાવોલ
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ પી. ચિ. મિતલ અંકિતને અમેરિકાના વિઝા નિમિત્તે — વિહાર
૨૫૧/- પટેલ ભરતભાઈ સોમાભાઈ પુત્રવધુ ચિ. પુનમને અમેરિકાના વિઝા નિમિત્તે — વાગોસણા
૧૦૦/- ઠક્કર વાસુદેવભાઈ શાંતિલાલ મિતાલી અને મહર્ષિ પાસ થયા તે નિમિત્તે — અમદાવાદ
૧૧૦/- સોલંકી ભરતભાઈ માણેકલાલ પુત્રની સગાઈ નિમિત્તે — કલોલ
૧૦૦/- મોરી શંકરભાઈ મલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલીયાણા
૧૧૧/- અ.નિ. સવિતાબેન માધવલાલ ભગત શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ રામભાઈ જન્મદિવસ નિમિત્તે — ઝુંડાલ
૧૫૧/- ઠક્કર નરેન્દ્રભાઈ વિનોદભાઈ પુત્ર દિપેન સી.એ. ફાઈનલ પાસ નિમિત્તે — બોપલ
૧૦૦/- પટેલ પૂજા હસમુખભાઈ બી.બી.એ.માં ૮૦ ટકા નિમિત્તે — મારુસણા
૧૦૦/- પટેલ રમણભાઈ ગોપાલદાસ શકરીબેનની પુણ્યતિથિ નિમિત્તે — મારુસણા
૧૦૧/- ભાવસાર દેવાંગ મુકેશભાઈ બી.ટેક. (ઈલેકટ્રીકલ) પાસ નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- ચૌધરી મહેશભાઈ લવજીભાઈ નવી ઈકો ગાડી નિમિત્તે — બાલવા
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ઘોડાસર
૧૦૧/- કાછીયા ચીમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૫૧/- ચાવડા મયુરકુમાર ઠાકરસીભાઈને ત્યાં ચિ. શ્લોકના જન્મપ્રસંગે — બળોલ-ભાલ
૨૦૦/- ચાવડા હિરેન આર. ઈલે. થોમ ઈન્ડિયામાં ડી.એમ.માં પ્રમોશન નિમિત્તે — ગાંધીધામ
૨૦૦/- ચાવડા મિતુલકુમાર આર. બેંગકોકમાં ફેમિલી સાથે સ્થાયી થયા તે નિમિત્તે — બળોલવાળા
૧૦૦/- ચાવડા ઘનશ્યામ આર. પુત્રીના જન્મ પ્રસંગે — બળોલ-ભાલ
૧૦૧/- પટેલ બ્રિજેશકુમાર પંકજભાઈ મિકેનિકલમાં એડમીશન નિમિત્તે — નાંદોલ
૨૦૧/- પટેલ વિનુભાઈ ગોવિંદભાઈ ચિ. પુત્રી વિરલે પી.એચ.ડી. કર્યું તે નિમિત્તે — ધમાસણા
૧૦૧/- રાઠોડ વખતસિંહ રામસિંહ તેમના માતુશ્રીના અક્ષરવાસ નિમિત્તે — સમલાપુર
૧૦૧/- પટેલ હિરલકુમાર પ્રવિણભાઈ લંડનમાં સી.એ. કર્યું તે નિમિત્તે — માણસાવાળા
૧૦૦/- જોષી નિતિનકુમાર વાસુદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કોઠંબા
૧૦૧/- વિશ્વાબેન પરેશભાઈ ગોપાળભાઈ જન્મદિન નિમિત્તે — ઘાટલોડીયા
૧૦૧/- પરમાર મહાદેવભાઈ રણછોડભાઈ બાબાના જન્મ દિવસ પ્રસંગે — બળોલવાળા
૧૦૧/- પટેલ રાજવી વિઠ્ઠલભાઈ કેનેડાના વિઝા નિમિત્તે — ઘાટલોડીયા
૧૫૦/- પટેલ કાંતિભાઈ અંબાલાલ જન્મદિને — ચાણસ્મા
૨૫૧/- રાજેશકુમાર ઈશ્વરભાઈ પટેલ સી.એ.આઈ.પી.સી.સી. પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે — સાપાવાડા
૧૦૧/- પાર્થકુમાર વિનોદભાઈ પટેલ ધો-૧૦ માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે — સાપાવાડા
૧૦૦/- પટેલ જયંતિભાઈ વાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગવાડા
૧૦૧/- ચાવડા નિર્મળસિંહ ભીમસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — બળોલ-ભાલ

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ-પાલડી :** શ્રીમતી વનીતાબેન પટેલ (ફોનેકસ કલર લેબ)ના માતૃશ્રી નિરૂપમા બહેન શ્રી નિવાસ આચાર્ય તા. ૧૦-૬-૧૨ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વડનગર :** પ.ભ. નટવરલાલ અંબાલાલ પટેલ તા. ૧૧-૮-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધમાસણા :** પ.ભ. શીવાભાઈ સોમાભાઈ પટેલ તા. ૨૯-૫-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**રાયસંગપુર (તા. હળવદ) :** પ.ભ. પરસોતમભાઈ મેઘાભાઈ (મૂળી જન્માષ્ટમી પ્રસંગે) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.